
# સહજ-સત્સંગ

અંક : ૨૩૮ વર્ષ : ૨૦ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા ઓક્ટોબર : ૨૦૦૮



## આર્ય અમે !

આર્ય અમે આ ભૂમી તણાં, ખેડતાં ક્ષેત્ર શ્રમ-યજ્ઞે ઘણાં,
અમ અંતરને પણ ખેડતાં, વાવતાં ત્યાં બીજ અમૃત તણાં.




**શ્રી માતાજી**

આદ્યાશક્તિ જગદંબિકા, સૃજન-શક્તિ ચૈત્યાત્મિકા ।
ઈશ્વરેચ્છાનુસારેણ, સાધના ત્વયા કોષે કૃતા ॥

# પ્રાર્થના અને ધ્યાન

(તા.૧૩-૪-૧૪)



આ 'હું' જે પૂર્ણ રીતે અદૃશ્ય થઈ ગયો છે.... વસ્તુ માત્ર તારાથી સભર બની ગઈ છે.... અને પ્રાણી માત્રમાં તારો જ વાસ બની રહ્યો છે.... ઓ મારા મધુર પ્રભુ, મારી પ્રાર્થના હતી કે..... મારી ચેતના નિશ્ચિત રીતે તારી સાથે જ જોડાઈ જાય, એ પ્રાર્થના તેં શું આખરે મંજૂર રાખી ને ? આવું અદ્‌ભુત સુખ મેળવવાને હું યોગ્ય થાઉં એવું તે મેં શું કર્યું છે ?... સ્થિરતાપૂર્વક એ માટેનો સંકલ્પ માત્ર કર્યો છે, અને એ તો એક ઘણી અલ્પ વસ્તુ છે.

પણ હવે તો, ઓ પ્રભુ, મારી અંદર - મારી સંકલ્પશક્તિ નહિ પણ તારી સંકલ્પશક્તિ કામ કરી રહી છે... આ સુખને લઈને જગતમાં વધુમાં વધુ માનવોને તારાં દર્શન થાય એમ કરજે.

જગતમાં સર્વ કોઈને તારું જ્ઞાન થાઓ,.. તારી સેવા કરતા થાઓ. આ પરમદીક્ષા સૌ કોઈને મળી રહો.

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

# સહજ-સત્સંગ

અંક : ૨૩૮ વર્ષ : ૨૦

ઑક્ટોબર - ૨૦૦૮

સંસ્થાપક અને આદ્યતંત્રી

**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

---

કાર્યકારી તંત્રી -

**માનસિંહભાઈ ચાવડા**

૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઑફિસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**

---

ટ્રસ્ટી મંડળ :

**ભારતીબેન ત્રિવેદી
હર્ષદભાઈ ઠકરાર
લલિતભાઈ ઉપાધ્યાય
કમલેશભાઈ માંડવિયા**

---

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :

**શ્રી હર્ષદભાઈ ઠકરાર**

મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ

**લા ક્રિએટા**

ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :

**"Sahaj Satsang"**

"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005



લવાજમ

**વાર્ષિક માતૃચરણે અર્પણ**

વાર્ષિક રૂા. ૧૦૦/-

કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ
ના નામે મોકલશો.**

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના
લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ
ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)

# પ્રાર્થના અને ધ્યાન

(૧૦-૪-૧૪)

- માન

શ્રી માતાજી અસીમ પ્રકાશમાં પોતાની ચેતનાને એકરૂપ કરીને સતત તેના ધ્યાનમાં મગ્ન રહેતા હતા. તેને કારણે તેમનો અહંકાર ધીમે ધીમે નામશેષ થતો ગયો. અહંકાર સીમિતતા અને સંકુચિતતામાં જ જીવી શકે છે. ચેતનાની સંકુચિતતા અને વિભાજન એ જ તેને ટકાવી રાખતા તત્ત્વો હોય છે. શ્રી માતાજીએ જાણે ‘કુઠારે આઘાત્’ કર્યો. જડમૂળથી જ અહંકારને ઉખેડી નાખ્યો છે અને તેથી તેમને પોતાનો અહંકાર ક્યાંય ગોત્યો જડતો નથી. અહંકારને સ્થાને શ્રી માતાજીને અસીમ-ચેતના સ્વરૂપ પરમ-પ્રભુ જ જીવતા હોય એમ પોતે આંતરિક રીતે અનુભવી રહ્યાં છે. આને જ ભારતમાં ‘અહં બ્રહ્માસ્મિ’નો અનુભવ કહે છે. શ્રી માતાજીની પ્રગતિ અહીં જ થોભતી નથી. તેમને ધીમે ધીમે તે જ અસીમ ચેતના બધામાં જ જીવતી અનુભવાઈ રહી છે. આવા અનુભવને જ ‘સર્વં ખલુ ઈદં બ્રહ્મ’ની અનુભૂતિ ગણે છે. શ્રી માતાજી બધામાં જ પરમ-ચેતનાનાં દર્શન, અને તેનો અનુભવ લઈ રહ્યાં છે. આને કારણે દેહભાવના વિગલીત થવાથી જે ચરમ દિવ્ય સુખનો અનુભવ શ્રી માતાજીને આવી રહ્યો છે, તેવું સુખ બધાના જ નસીબમાં હોય એવું શ્રી માતાજી ઈચ્છી રહ્યાં છે.

સતત પરમ-પ્રભુ સાથે જ પોતાની ચેતના જોડાએલી રહે એવી પ્રાર્થના મંજૂર થઈ હોય એવું શ્રી માતાજીને લાગે છે. પ્રાર્થના ફળી એનો અનેરો આનંદ શ્રી માતાજી માણી રહ્યાં છે.

પણ માતાજીને આશ્ચર્ય એ લાગે છે કે એવી તો કઈ પોતે ગૂઢ કે કપરી સાધના કરી છે, જેને કારણે પ્રભુની આવી અનંતકૃપા વરસી પડી છે! શ્રી માતાજી તે બાબતમાં જાણે પોતાની અજ્ઞાનતા ન દર્શાવતાં હોય ! મૂળ તો અહંકારને નાશ કરવો અને તે માટેની સાચી સાધના કરવી એ જ મુશ્કેલ વસ્તુ છે. સાધકો માનસિક આદર્શો રચી અહંકારને નામશેષ કરવાનો પ્રયત્ન કરે છે, પણ તેઓ જાણતા નથી હોતા કે માનસિક આદર્શો રચનાર મન જ અહંકારને પોષણ આપતું હોય છે. મન આવા પ્રસંગે આદર્શવાદી વર્તનના ઓઠા નીચે જ અહંકારને પોષીને સાધક સાથે રમત કરતું હોય છે. અહંકાર તો બહુરૂપિયો છે. તમે તેના જે રૂપને પકડી પાડશો, તે રૂપનો તમારી સામે જ નાશ કરી તમારો

વિશ્વાસ જીતશે અને બીજી બાજુ તમારી કલ્પના પણ ન સમજી શકે એવું તમારાથી અપરિચિત રૂપ ધારણ કરીને તમને ઉઠા ભણાવતો રહેશે.

ફક્ત શ્રી માતાજીએ જણાવેલી પ્રકાશની સાધના જ અહંકાર ઉપરનો સાચો વિજય અપાવી શકે છે. અન્ય કોઈ માર્ગ નથી.

શ્રી માતાજીએ તો બરાબર સાચો અને સચોટ ઉપાય યોજીને અહંકારનો નાશ કરી બતાડ્યો છે. તેથી શ્રી માતાજીને એમ જ લાગે છે કે પોતે એવું કાંઈ ખાસ કર્યું નથી.

શ્રી માતાજીએ સદા એક જીવંત અને જવલંત અભીપ્સા સેવી હતી, બસ, પ્રભુની ચેતના સાથે જોડાઈ જવું, તેમની ચેતના સાથે એકરૂપ થવું. દરેક અભીપ્સાની પાછળ એક દૃઢ સંકલ્પ કાર્ય કરતો હોય જ છે. તે સંકલ્પ પોતે સેવ્યો એટલું જ પોતે કામ કર્યું છે  એવું શ્રી માતાજી જણાવે છે. આપણે શ્રી માતાજીની આ જ પદ્ધતિ અપનાવવી રહી.

જ્યાં સુધી અહંકાર હતો ત્યાં સુધી શ્રી માતાજીને જાણે પોતે સંકલ્પ કરી રહ્યાં છે એવું લાગતું હતું. પણ અહંકારના નાશ સાથે જ તેમની પ્રતીતિ બદલાઈ ગઈ. હવે તેમને એમ લાગે છે જાણે પ્રભુ જ તેમની દ્વારા સંકલ્પ સેવી રહ્યાં છે. તેમનો પોતાનો જાણે સંકલ્પ જ રહ્યો નથી. શ્રી માતાજીની ચેતના પ્રભુની ચેતના સાથે એકરૂપ થઈ ગઈ છે.

આ તાદાત્મ્યના સુખ જેવું આ જગતમાં કોઈ સુખ નથી. તાદાત્મ્યતા એટલે જ પ્રેમ. આ એકરૂપતા પરમ પ્રેમસ્વરૂપા છે. નારદની ભાષામાં કહેવું હોય તો આ પરાભક્તિની પરાકાષ્ઠા છે.

શ્રી માતાજી આ સ્થિતિમાં જે અભેદ-દર્શન અનુભવી રહ્યાં છે તે જ અતિમનસ અવસ્થા છે. અતિમનસ ચેતનાની સક્રિયતા છે. શ્રી માતાજીમાં અતિમનસ ચેતનાનો સૂત્રપાત છે. વ્યક્તિગત રીતે તેમણે અતિમનસ ચેતનાને પીછાણી છે, અનુભવી છે. સામૂહિક અને વૈશ્વિક-સ્તરનાં અતિમનસ-અવતરણને તો હજી બેતાલીસ વર્ષની વાર છે.

પણ સમાજમાં આવા અનેક વ્યક્તિગત અતિમનસ ચેતનાનાં અવતરણો બાદ જ બેતાલીસ વર્ષો અંતે સામૂહિક-ઉત્ક્રાંતિ માટેનું જરૂરી અવતરણને શક્ય બનાવશે. તેથી શ્રી માતાજી પ્રાર્થના કરે છે કે પોતાને આ જે અજોડ સુખ મળી રહ્યું છે તેવું અન્યોને પણ અનુભવાય. પ્રભુના સંકલ્પાનુસાર જ શ્રી માતાજીની આ સહજ-પ્રાર્થના પ્રગટ થાય છે.

**(અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)**

# શ્રી અરવિંદોપનિષદ

(પ્રકરણ - ૬ ચાલુ)

**અણુ વા મહત્ વા ।**

બ્રહ્મતત્ત્વ જ વ્યક્તિ ચેતના પણ છે (અણુ) સમૂહ - ચેતના પણ છે (મહત્) બન્ને છે.

તે દૃષ્ટિ-ભેદથી, દર્શન-ભેદથી અણુ પણ દેખાય છે અને મહત્ પણ દેખાય છે. અણુ એટલે ભાગ, અંશ. મહત્ એટલે સમગ્ર અથવા અંશી. ચેતના જેમ જેમ વિશાળ થતી થતી અસીમતાને પ્રાપ્ત કરે છે તેમ તેમ તે વિશાલ અને વિશાલ સમૂહ-ચેતના સ્વરૂપ સક્રિય બનતી જાય છે. અહીં 'અણુ' એટલે ભૌતિક અણુ એવો સંકુચિત અર્થ લેવાનો નથી. ભારતીય દર્શનમાં મન અને પ્રાણના પણ અણુઓ છે. શ્રી માતાજી જ્યારે કોષગત મનની વાત કરે છે (Celluar Mind) ત્યારે મનના અણુની જ વાત કરતાં હોય છે ત્યાં કોષગત મન અણુ છે. શારીરિક મન (Physical Mind) મહત્ છે.

અણુ શબ્દ આધુનિક-ભૌતિક-શાસ્ત્રનો નથી. ભારતનું વૈશેષિક-દર્શન અણુવાદનું પ્રથમ પુરસ્કર્તા - દર્શન છે. સહુથી નાનો અંશ કે એકમ એ જ અણુ. આવા અણુઓનું સામૂહિક એકમ તે જ મહત્. અણુ અને મહત્ એ સાપેક્ષ કલ્પનાઓ છે (relative - ideas). શાસ્ત્રોમાં આમને જ 'વ્યષ્ટિ ' અને 'સમષ્ટિ' તરીકે વર્ણવેલ છે. 'અસ્તિ' એટલે - અસ્તિત્વ. ખાસ પ્રકારનું વૈયક્તિક (વિ) અસ્તિત્વ એટલે 'વ્યષ્ટિ'. અનેક વ્યક્તિઓમાં સમાન સ્વરૂપે રહેલ (સમ) અસ્તિત્વ એટલે 'સમષ્ટિ'. અંગ્રેજીમાં આમને Micro and Macro levels તરીકે આપણે જાણીએ છીએ.

એક જ વિશિષ્ટ - અસ્તિત્વ એ તેના અંશભૂત વિશિષ્ટ - અસ્તિત્વની દૃષ્ટિએ 'મહત્' છે, સમષ્ટિ છે; જ્યારે તેનાથી વિશાલ એવા તેનો સમાવેશ કરતા એકમની દૃષ્ટિએ તે વ્યષ્ટિ છે, અણુ છે. દર્શનભેદથી, દૃષ્ટિ-ભેદથી તે અણુ અથવા મહત્ બની જાય છે. આ 'અણુ વા મહત્ વા'નો સાચો અર્થ છે. શ્રી અરવિંદ આ જ ઘટનાને જુદા શબ્દોમાં અન્યત્ર વર્ણવે છે. સત્યમાંથી વિશાલ સત્યમાં આરોહણ કરવાનો આ પ્રયત્ન છે. એક કક્ષાનાં બે વિશિષ્ટ - સત્યો અથડામણમાં આવે છે ત્યારે યોગીએ બન્નેનો સમાવેશ કરી તેઓને સંવાદમાં

ગોઠવી બન્નેના સમાવેશ સ્વરૂપ વિશાલ સત્યમાં આરોહણ કરીને સમન્વય સાધવાનો હોય છે. આ જ ઉત્ક્રાંતિની વાસ્તવિક પ્રક્રિયા છે. ઉત્ક્રાંતિમાં ચેતના અણુ અવસ્થામાંથી મહત્ ચેતનામાં આરોહણ કરતી હોય છે. સંઘર્ષ અને સમન્વય કરતી આગળ વધે છે. વ્યષ્ટિ - ચેતના સમષ્ટિ ચેતનામાં આરોહણ કરતી હોય છે. બ્રહ્મ-ચેતના પરમોચ્ચ શિખર ઉપરની 'સમષ્ટિ-ચેતના' છે. ગ્રીક ભાષામાં કહું તો તે Summum bonum છે. ભૌતિક - સ્તરે આપણી નજરમાં શિખર સંકુચિત થતું જાય છે એમ લાગે છે. તળેટી વિશાલ લાગે છે. અધ્યાત્મમાં શિખર સર્વ સમાવેશ અને વિશાલતમ બને છે. કદાચ આ વિરોધાભાસને કારણે જ ભગવાન શ્રીકૃષ્ણને સંસારવૃક્ષને ઉપર મૂળીયાં નીચે શાખા વિસ્તારવાળુ ઊર્ધ્વમૂલ મધઃ શાખમ્ તરીકે વર્ણવવું પડ્યું હશે.


શ્રી અરવિંદ અહીં સૂચવવા માગે છે કે 'અણુ-મહત્' કે 'વ્યષ્ટિ-સમષ્ટિ' આ ભેદ-દર્શન મનનાં હોય છે, જેની કાર્ય કરવાની પદ્ધતિ જ તેવી છે. મનને એકાગ્ર થયા વગર આકલન કરતાં આવડતું નથી. તેની એકાગ્રતા એટલે ચેતનાને એક બિન્દુ ઉપર કેન્દ્રીત કરવી. આ ચેતનાને સંકુચિત કરવાનો પ્રકાર છે. આ ચેતનાના સંકોચનમાંથી જ ભેદ-નિર્માણ થવાની પ્રક્રિયા શરૂ થાય છે. એકાગ્રતાના કેન્દ્રમાંની વસ્તુને તેની પાર્શ્વભૂમિથી અળગી કરી નાખવામાં આવે છે. અખંડિતતાને ખંડિત કરીને મન સમજણ કેળવે છે. આ તેની સમજણ મેળવવાની પ્રક્રિયા જ તેના કાર્ય ને મર્યાદાઓ નિર્માણ કરે છે અને બ્રહ્મના સર્વાંગી, સંપૂર્ણ દર્શનથી તેને વંચિત રાખે છે. તેથી જ શાસ્ત્રો બ્રહ્મદર્શનને મનસાતીત અનુભવ ગણાવે છે. શાસ્ત્રો જણાવે છે કે 'યન્મનસા ન મનુતે' અર્થાત તે મનથી જાણી શકાતું નથી.

અણુ અને મહત્ વચ્ચેનો ભેદ મને પોતાની કાર્ય પદ્ધતિ અનુસાર પાડેલો છે. તે ભેદ કામચલાઉ છે.તાત્ત્વિક નથી. ખરેખર બ્રહ્મતત્ત્વ જ અણુ પણ છે અને મહત્ પણ છે. બન્ને છે. જીવાત્મા સ્વરૂપે તે અણુ છે તો પરમાત્મા તરીકે મહત્ છે. વ્યક્તિ તરીકે અણુ છે તો સમાજ તરીકે મહત્ છે. ભારત તરીકે અણુ છે તો વિશ્વ તરીકે મહત્ છે. સમગ્ર જગત એક એવી સંકુલ રચના છે કે જે પાયામાં વ્યષ્ટિ સ્વરૂપ છે, અણુ સ્વરૂપ છે અને શિખર ઉપર મહત્ સ્વરૂપ છે સમષ્ટિ સ્વરૂપ છે. આમ સમષ્ટિની હારમાળારૂપ જગત બનેલું છે. વિશાલથી વિશાલતર સત્યથી ઉપરનાં શિખરો પ્રકાશિત છે. આ બધાનું પરમોચ્ચ શિખર એટલે બ્રહ્મ-તત્ત્વ છે. તે કોઈનું વ્યષ્ટિ નથી.

ભૌતિક-અણુમાં બ્રહ્મતત્ત્વે પોતાની ચેતનાને વધારે ને વધારે પ્રગટ કરવા શું આયોજન કરેલ છે તે આપણે હાલમાં જ શ્રી અરવિંદના 'Electron' સોનેટ કાવ્યમાં વાંચી ગયા છીએ. રસિક વાચકોને તે ફરી વાંચી જવા વિનંતી છે.

બ્રહ્મતત્ત્વે પોતે જ ભૌતિક અણુનું રૂપ ઘનીભૂત થઈને લીધેલું છે અને તે જ તે અણુના રથમાં અસ્વાર થઈ એક થી એક વિશાલ મહત્-તત્ત્વને સર કરતું કરતું અંતે પોતાના મૂળ સ્વરૂપે પ્રગટ થવાનું છે. તે 'અણો અણીયાન્ મહતો મહીયાન્' છે. અણુથી અણુ અને મહત્થી મહાન છે.

---



અતિમનસ બાબત મને જે મળ્યું હતું
તે પ્રત્યક્ષ મળ્યું હતું.
તે મને આપેલ કોઈ અપ્રત્યક્ષ જ્ઞાન નથી.
તે બાદ મને
તેને અનુમોદન આપતી થયેલી અનુભૂતિઓનો
ઉલ્લેખ ઉપનિષદો અને વેદોમાંથી જડ્યો.
હું ખાત્રીપૂર્વક જાણું છું કે
અતિમનસ એક વાસ્તવિકતા છે.
અને તેનું આગમન એ
તે તત્ત્વમાં રહેલો એક અટલ સ્વભાવ છે.

**-શ્રી અરવિંદ**

# શ્રી અરવિંદનું નૂતન દર્શન

પ્રકરણ-૩

## યોગ માટેની તૈયારી

- શ્રી જ્યોતિબેન થાનકી

ઘણી વખત આપણાં મનમાં એવો ભાવ જાગતો હોય છે કે આપણે ભગવાનને મેળવીએ. જીવનને આનંદમય બનાવી દઈએ, નિમ્ન પ્રકૃતિની પકડમાંથી મુક્ત થઈને ભગવાનની દિવ્ય પ્રકૃતિ સાથે એકરૂપ બનીએ. આ સ્થિતિની પ્રાપ્તિ માટે યોગસાધના કરીએ. પરંતુ આ ભાવ લાંબો સમય રહેતો નથી. કેમકે પછી અનેક શંકાઓ અને પ્રશ્નો આપણાં મનમાં ઊઠવા લાગે છે. શું આપણે ભગવાનને મેળવી શકીશું ? શું ખરેખર યોગસાધના માટેની પાત્રતા આપણામાં છે ખરી ? યોગ માટેની આંતરિક તૈયારી પૂરી છે ખરી ? આવા પ્રશ્નોથી આપણે દ્વિધા અનુભવીએ છીએ કે ખરેખર યોગસાધના કરી શકશું કે કેમ ? આશ્રમના સાધકોના મનમાં પણ આવા પ્રશ્નો ઉઠતા ત્યારે તેઓ શ્રી માતાજીને એ વિષે પૂછતા. એ વાર્તાલાપો દ્વારા આપણે પણ આ પ્રશ્નોનું સમાધાન મેળવી શકીએ છીએ.

**યોગ માટેની પાત્રતા :**

આપણે ખરેખર યોગસાધના કરવા માટે પાત્ર છીએ કે કેમ, જો આપણે આ જાણવું હોય તો સર્વપ્રથમ તો આપણે સભાનતાપૂર્વક આપણી જાતનું અવલોકન કરવું જોઈએ. આપણે ભૌતિક રીતે બધું જ સત્તા, સંપત્તિ, કીર્તિ, પારિવારિક સુખ પ્રાપ્ત કરી લીધું હોય છતાં અંતરના ઊંડાણમાં બેચેનીભરી લાગણીનો સતત અનુભવ થાય, અંતરમાં ખાલીપો અનુભવાય, કશુંક બાકી રહ્યાનો અજંપો ઊંડે ઊંડે ચૂભ્યા કરતો જણાય અને એવું થાય કે કોઈક વસ્તુ આપણી પકડમાં આવી નથી, અને છટકી જાય છે ને તેને પકડવા આપણે મથામણ કરીએ છીએ. શ્રી માતાજી કહે છે કે આવું થાય ત્યારે સમજવું કે તમારી અંદર આંતરિક તૈયારી થઈ ચૂકી છે. તેઓ કહે છે કે માણસને કંઈક એવું જોઈએ છે કે જે ખરેખર સાચું હોય ને સ્થિર હોય. માણસને એવો આધાર જોઈએ છે કે જેનો પોતે ટેકો લેવા જાય ત્યારે એ આધાર ભાંગી ન પડે. આ ઝંખના છે પરમ શુભતત્ત્વને મેળવવાની, પરમ આનંદને પ્રાપ્ત કરવાની, પરમ સૌંદર્યને પામવાની. આ ઝંખના જ્યારે

માણસમાં જાગે છે ત્યારે તે બેચેન બની જાય છે. તે તેની વર્તમાન સ્થિતિથી અકળાઈ જાય છે. આવી આંતરિક સ્થિતિ એ નવો પ્રકાશ પ્રાપ્ત કરવાની તૈયારી રૂપ છે. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે, ''શાશ્વતી માટેની ભૂખ આજે ખૂબ વ્યાપક બની ગઈ છે. માનવ જાતિના અસંખ્ય સંઘર્ષો, વિખવાદો, મૂર્ખતાઓની વચ્ચે પણ ઊર્ધ્વજીવનની આ ઝંખના પ્રગટ થઈ રહી છે, એ જ વસ્તુ બતાવી આપે છે કે સમય આવી પહોંચ્યો છે.

**અંતરમાં જાગી ઊઠતી ઝંખના:**

મનુષ્યના અંતરમાં એક વખત પરમતત્ત્વને માટેની ઝંખના જાગી જાય છે, પછી તે અગ્નિશિખાની જેમ ઊંચે ને ઊંચે ચઢતી જાય છે. જ્યાં સુધીએ પરમતત્ત્વના સંપર્કમાં ન આવે ત્યાં સુધી તે શમતી નથી. આ તીવ્રતર ઝંખનાને પરિણામે જ વર્તમાન જીવન પછી અસહ્ય બની જાય છે. વાર્તાલાપ દરમિયાન શ્રી માતાજીએ કહ્યું હતું, ''ઘણી વખત માણસના જીવનમાં એવી ક્ષણો આવે છે કે જગતનું અત્યારનું જીવન અને માનવની અત્યારની ચેતના કેવળ અસહ્ય બની જાય છે. એ જીવન તરફ એને જુગુપ્સા અને ઘૃણા ઉપજે છે, આવું જીવન ટકાવી રાખવાની તેને લેશમાત્ર પણ ઈચ્છા થતી નથી. તો પછી આ તક મળી છે, જે અનન્ય અવસર મળ્યો છે, એને ઝડપી લઈને, એ પુરુષાર્થમાં સમગ્ર શક્તિ લઈને ઝૂકાવી દેવાનું છે અને સામેપાર પહોંચી જવાનું રહે છે.'' જ્યારે અંતરમાંથી પરમતત્ત્વ માટે તીવ્ર પોકાર ઊઠે છે, ત્યારે જ વર્તમાન જીવન નીરસ બની જાય છે. તેમાં ગૂંગળામણ થવા લાગે છે. તે સમયે આંતરયાત્રાનો પ્રારંભ કરવાની ક્ષણ આવી પહોંચી છે, એ જાણીને મનુષ્યે આડાઅવળા ફાંફાં માર્યાં વગર યાત્રાની શરૂઆત કરીને આત્મામાં પહોંચી જવું જોઈએ.

**મનમાં ઊઠતી શંકાઓ:**

મનુષ્યની આંતરિક સ્થિતિ તો ત્યારે જ યોગ સાધના માટે તૈયાર થઈ ગઈ કહેવાય જ્યારે મન શાંત ને સ્થિર થઈ ગયું હોય. પણ મનની સપાટી ઉપર શંકાનાં વાદળો ધસી આવતાં હોય છે. બહારના વાતાવરણમાંથી કે પોતાની અંદરથી આ શંકાઓ આવતી હોય છે. શ્રી માતાજી કહે છે કે ''અત્રે પડછાયાની પાછળ તો પડતા નથી ને ? પડછાયાને પકડવામાં હાથમાં રહેલા શિકારને ગુમાવી તો દેતાં નથી ને ! આવા લોકોની તૈયારી હોતી નથી. તેમને તો બધું જ બરાબર લાગે છે'' જેને આ બધું જ બરાબર લાગવાથી પરિવર્તનની કોઈ આવશ્યકતા જ જણાતી નથી, એવા લોકો માટે યોગ નથી. આવા લોકોને

જીવનમાં ભગવાનની પણ આવશ્યકતા જણાતી નથી. તેઓનું જીવન આમ જ પસાર થઈ જતું હોય છે. એમને આપવામાં આવેલી મહાન તક આમ જ હાથમાંથી સરી જાય છે.

**સાધનામાં ઝંપલાવી દેવાનું રહે છે :**

મનથી વિચારીને કદી સાધના કરી શકાતી નથી. મન અજ્ઞાનથી ભરેલું છે. એનો કોઈ નક્કર આધાર નથી. આજે એક પ્રકારના વિચારો કરતું હોય, કાલે બીજા પ્રકારના. સતત બદલાતા મનના વિચારો દ્વારા સાધના થઈ શકતી નથી પણ એક વાર અંતરમાંથી ઝંખના જાગી ઊઠી, સાદ થયો તો પછી તેને જ અનુસરવું જોઈએ. પછી એ બાબત વિચારો કરીને ઝંખના પર શંકાનાં વાદળો વરસાવવા જોઈએ નહીં. અને હાથમાં આવેલી મહાન તકને બરાબર ઝડપી લેવી જ જોઈએ. શ્રી માતાજી કહે છે કે, ''જીવન ખરેખર જીવવા જેવું હોય તો આ નવા સાક્ષાત્કાર માટે છે. અત્યારે જે વસ્તુસ્થિતિ છે, તે તમારે પોતાને ખાતર નહીં, આપણાં માટે નહીં, પણ આખા જગતને માટે અસહ્ય છે. તો પછી જો આપણે અહંકારી અને વામણા ન હોઈએ તો આપણને એમ થાય છે કે વર્તમાન હવે લાંબું ટકશે નહીં. તો પછી આપણી જે કાંઈ શક્તિ છે, આપણે જે કાંઈ છીએ, તે સર્વસ્વ લઈને આપણે પેલા સાહસમાં ઝુકાવી દેવું જોઈએ. આગળ પાછળ જોવાનો વખત જ રહ્યો નથી. ભવિષ્યમાં આપણું શું થશે એનો વિચાર કરવાનો ય વખત હવે રહ્યો નથી. ખીણની કિનારી ઉપર ઊભા ઊભા ધ્રૂજ્યા કરવું એના કરતાં અંદર ઝંપલાવી દેવું એ જ વધારે સાચું છે.'' આમ શ્રી માતાજી ઝંપલાવી દેવાનું કહે છે. પણ પ્રશ્ન એ ઊઠે છે કે ઝંપલાવવું કઈ રીતે !

**ઝંપલાવવું કઈ રીતે?**

અંતરમાં ઝંપલાવવા માટે શું કરવું જોઈએ ? શું કરવાથી સાક્ષાત્કાર ઝડપી બને ? દિવ્યરૂપાંતરની સાધના માટે આપણે શું શું કરવું જોઈએ ! એ માટે કઈ કઈ બાબતોની આવશ્યકતા છે ? આ બધા પ્રશ્નો આપણા મનમાં ઊઠે છે. શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ આ યોગસાધના માટે અભીપ્સા, સમર્પણ, ખુલ્લાપણું, દિલની સચ્ચાઈ, સભાનતા, શ્રદ્ધા, સમતા, સ્થિરતા, શાંતિ, પ્રભુકૃપા આ સઘળાં પરિબળોને અનિવાર્ય ગણાવ્યાં છે. યોગમાર્ગના આ સોપાનો દ્વારા આપણે યોગસાધનાની ઝડપી તૈયારી કરીને અવશ્ય લક્ષ્યાંકે પહોંચી શકીએ છીએ.

# જગત એક સહિયારું સાહસ છે

## World is participatory

(ગતાંકથી ચાલુ)

- શ્રી અનિરુદ્ધભાઈ સ્માર્ત

હા, આપણે જીવ, જગત અને જગન્નાથના સાધર્મ્યમાં જીવવું છે. એની સાથેના સહિયારાપણામાં ચેતનાના એક અભૂતપૂર્વ વિકાસનું સાહસ ખેડવું છે. અત્યારના આપણા માનવ-મન પ્રેરિત કુંઠિત જીવનને સ્થાને પ્રભુની વિશ્વસર્જક, વિશ્વપાલક, વિશ્વવ્યાપક અતિમનસ ચેતના સાથેના ઐક્યમાં જીવનનો આનંદ માણવો છે.

જ્યારે આપણે કહીએ છીએ કેઃ ''જીવ, જગત અને જગન્નાથના'' સાધર્મ્યમાં જીવવું છે ત્યારે એમાં જે 'જગન્નાથ' શબ્દ પ્રયોજાયો છે તે કોઈ મંદિર કે દેવાલયમાં પ્રતિષ્ઠિત દેવ કે દેવતાની મૂર્તિનો ઉલ્લેખ નથી. પરંતુ વિશ્વસર્જનમાં પ્રવૃત્ત જગતના નાથ, જગતના સ્વામી, જગદીશ, Lord of the Universe, એ 'પરમેશ' અભિપ્રેત છે. પરમાત્માનાં તો હજાર નામો છે અને છતાં તે કોઈ એક નામમાં બંધાઈ પૂરાઈ રહેતા નથી. અહીં જ્યારે આપણે 'જગન્નાથ' શબ્દ વાપરીએ છીએ ત્યારે જગતના સંદર્ભમાં તે પ્રભુનું એક સાંકેતિક નામ છે એ ખ્યાલ રહ્યો છે.

ગતાંકમાં આપણે જોયું કે પૃથ્વી પર પ્રથમ તો વૈશ્વિક પુરુષ (universal man)નો અભ્યુદય થશે અને તે, ચેતનાને હવે પછીના માનવ ઉત્ક્રાંતિને શિખરે દોરી જશે.

જગત કઈ રીતે માનવ અને પ્રભુનું સહિયારું સાહસ છે અને આપણે કઈ રીતે એ સહિયારાપણાના ભાવને આપણા જીવનમાં અને એક સચેતસ સમૂહ Collectivityના સ્વરૂપમાં આકારિત કરી શકીએ તે હવે આપણે વિચારવું છે.

જગત અને જીવનની બધી વિભાવના અને વિભાજના પાછળ એક અવિભાજિત 'સત્ અને તેની શક્તિ' પોતાની સમગ્રતામાં સક્રિય રહી, નિરંતર કાળમાં તેનો ક્રમશઃ પણ પૂર્ણતયા ઉછેર સાધી રહ્યું છે આ 'વાસ્તવ'નો અણસાર તો આપણને મળી ચૂક્યો છે.

આ વાસ્તવિક તત્ત્વ આમ તો સુગુપ્ત છે પણ તે અજ્ઞાત નથી અને તેણે

અજ્ઞેય, અણજાણ, રહેવું એ જ તો એનો પોતીકો સંકલ્પ છે. અને તેથી તો આ સંસાર છે. સાચા અર્થમાં તો જીવ અને જગતને સમ્યક્ પણે એકાકાર કરીને આ સૃષ્ટિમાં પ્રભુના પ્રગટ પ્રાગટ્યનો સુંદર મહિમા રચાય એ માટે તો માનવ-કુળ પણ એ દિવ્યતાના ધારણ માટે પોતાનું 'પાત્રત્વ' કેળવે એ એના પોતાના જીવનની અનન્ય ધન્યતા છે અને સહજ આનંદ છે.

એ તત્ત્વ તે 'આત્મતત્ત્વ અને સચેતસ આત્મશક્તિ' છે. અને તે સિવાય બીજું એકે નથી. આપણે જ આપણા રચયિતા અને ઘડવૈયા છીએ. જ્યારે આપણે એને સમગ્ર સૃષ્ટિથી પર એવા એક પરમ તત્ત્વ તરીકે નિહાળીએ છીએ ત્યારે તેનું દર્શન આપણને 'પરમાત્મન્' તરીકે થાય છે. જ્યારે આપણે તેને વિશ્વના હરેક ધબકારમાં ધબકતું અનુભવીએ છીએ ત્યારે આપણને તેની ઓળખ 'વિશ્વાત્મન્' અગર ઈશ્વર તરીકે સાંપડે છે. અને જ્યારે એ જ પરમ તત્ત્વ આપણા શ્વાસેશ્વાસમાં અને રગેરગમાં એક સચેતસ સંચાર તરીકે અનુભવાય છે ત્યારે તેનો આપણને 'અંતરાત્મન્' તરીકેનો પ્રત્યક્ષ સંસ્પર્શ પ્રાપ્ત થાય છે. આ જ આત્મબોધ છે. આમ 'અંતરાત્મન' એ એક જીવંત, સક્રિય, ચૈતસિક 'આંદોલનનું કેન્દ્ર છે. એ પ્રભુના અંશરૂપ 'જીવ'નું જ સર્જનની પ્રક્રિયામાં ઉતરેલું સ્વરૂપ છે. તે શાંત અને સ્થિર રહીને પ્રભુના સ્પંદનોને ઝીલે છે અને જગતની સંવેદનાથી સ્પંદિત થઈ પ્રભુની ઈચ્છાને અનુરૂપ (According to Divine will) પોતાની ચેતનાનો પ્રતિભાવ જગતમાં પ્રતિધ્વનિત કરે છે. તેથી જ તો શ્રી અરવિંદ અને શ્રી માએ પોતાના પૂર્ણયોગમાં એને પ્રભુ ચેતનાથી સચેતસ પુરુષ યાને ''ચૈત્યપુરુષ'' તરીકે બિરદાવ્યો છે અને પ્રતિષ્ઠિત કર્યો છે.

આમ પરમાત્માનું શુદ્ધ તેજસ્વી કિરણ જીવ, જગત અને જગન્નાથના ત્રિ-પાર્શ્વ કાચમાંથી પસાર થઈ સંસારને સપ્તરંગી વિવિધતાથી નવાજી રહ્યું છે. પરંતુ અત્યારે જે કક્ષામાં આ બધા જ રંગો પોતાના મૂળ તેજસ્વી ચૈતસિક, સ્વરૂપને ભૂલીને એકબીજા સાથે 'હું અને મારાપણાની' ભૂમિકા પર ઊતરી પડી આપબડાઈની અરાજકતા ફેલાવી રહ્યા છે.

આ અજ્ઞાનમય અવસ્થામાં પ્રભુની ઈચ્છાને પોતાની ઈચ્છામાં પરિવર્તિત કરનાર આપણો ચૈત્યપુરુષ પડદા પાછળથી બહાર આવી, જીવનના ખુલ્લા ચોકમાં પ્રવેશી, પ્રભુની એકતાની સ્મૃતિથી ચેતનાને રંગી દે તો આપણે માટે જીવન સુસંવાદી રંગોની એક સુંદર બોછાર બની રહે એમ છે.

It will be a New Creation from horrible chaos to harmonious Cosmic existence.

આ જ આપણું પ્રભુ સાથેનું જીવનમાં સહિયારાપણું છે અને આ જ છે પ્રભુની ચેતના સાથેની આપણી સાધર્મ્યતા. પ્રભુચેતના સાથે સંયોજાયા વગર માનવ ચેતનાના સર્વાંગીણ અને સર્વતોભદ્ર નવવિકાસ માટે બીજો કોઈ માર્ગ અસ્તિત્વમાં જ નથી. ન અન્યઃ પન્થાઃ વિદ્યતે અયનાય.

પણ માણસ પોતે જ પોતાની જાતને સમજતો નથી, ઓળખતો નથી; એ જ તો મોટી સમસ્યા છે. અને પ્રકૃતિની મોટામાં મોટી મડાગાંઠ પણ એ જ છે. Man himself is a problem unto himself. માણસ પોતે જ પોતાને માટે કોયડા રૂપ બની ગયો છે. જ્યાં સુધી માનવજીવનના આંતર-બાહ્ય અખંડ વાસ્તવની નક્કર ભૂમિકા પર વિકાસોન્મુખ થશે નહીં ત્યાં સુધી તે ભૌતિક પ્રગતિની મોટી મોટી છલાંગો ભરવા છતાં, અંદર-બહાર પોતાના જીવનની સુખ - શાંતિ અને તૃપ્તિની અનુભૂતિમાં પોકળ ને પોકળ રહેશે. અને ખાલીપો અંદરથી એને કોતરતો રહેશે. બાહ્યથી બાહ્યનો વિકાસ એ સ્વયં એક અંધારો કૂવો છે. આ બધું જ જીવનના વિકાસના મૂળ નિયમથી સદંતર વિરુદ્ધનું છે. Appearance is not all.

જીવનના બંધારણના પાયાનો સિદ્ધાંત છે : ''આંતરથી બાહ્યમાં વિકાસ From within without.'' આખો માનવપિંડ એ જ સિદ્ધાંત પર ઘડાય છે, બંધાય છે અને વિકસિત થાય છે. Fundamentally there is only one single cell which builds the child in the womb.

કહેવાય છે કે કોયડાનો ઉકેલ કોયડામાં જ છૂપાયેલો હોય છે. મનુષ્ય પોતે જો એક કોયડો છે તો તે કોયડાનો ઉકેલ પણ માણસની અંદર જ ગુપ્તપણે રહેલો હોવો જોઈએ. ગણિતના દાખલાનો જવાબ દાખલામાં જ અંતર્ગત હોય છે. આપણને એની શોધ માટેના પદો બરાબર માંડતા આવવું જોઈએ. ત્રિરાશિ પંચરાશિની જેમ.

મોગરાના છોડ પર મોગરાની કળી યથાસમયે બહાર ફૂટી આવે છે અને છોડની અંદરથી જીવંત પ્રક્રિયાના સંચલનથી મોગરાનું પુષ્પ બની ચારે દિશામાં મહેકી ઊઠે છે. મોગરાના પુષ્પમાં છૂપેલી તેની જીવનશક્તિ જો આ પરિણામનું અનાવરણ કરે છે તો માણસમાં એ શા માટે બની ન શકે ? માણસના પૂર્ણ વિકાસનું બીજ તેની ચેતનામાં અંતર્હિત છે જ. એની સમસ્યાઓના ઉકેલ

તરફનાં પગલાં ભરવા માટે એણે તત્પરતા અને સક્રિયતા સેવવાં પડશે. જો એકવાર માણસ સાચેસાચ અભીપ્સુ બની અંદરથી ખુલ્લો થાય તો આંતરબાહ્ય તે પૂર્ણપણે, સાહજિકપણે સમતોલ વિકસી જશે. કારણકે કે તે પોતે અખંડિતપણે એક જ છે. આંતર અને બાહ્ય એ બે કાંઈ જુદી જુદી વસ્તુ નથી. આંતરબાહ્ય માણસ એકરૂપ જ છે. અને તેણે એ એકરૂપતાની દિવ્યતામાં જીવવાનું છે.

ઈ.સ. ૧૯૫૬ના ફેબ્રુઆરીમાં પૃથ્વીની ચેતનામાં અતિમાનસ શક્તિના અવતરણની જગતના ઈતિહાસમાં એક અપૂર્વ ઘટના ઘટી. તેણે માનવ ચેતનાના સર્વગ્રાહી અને સર્વતોમુખી વિકાસને એક નવી ઊંચાઈ પર ઊંચકી લીધું છે. માનવ તેને આંબવા તૈયાર થાય તે માટે શ્રીમા પ્રેરણાત્મક સંદેશાઓ પાઠવતા રહ્યા હતાં. ઈ.સ.૧૯૬૦ના માર્ચમાં પોતાના એક સંદેશમાં તેમણે જણાવ્યું કે :

" The world is a unity - It has always been and it is always so; even now it is so - It is not that it has not got the unity and the unity has to be brought from outside and imposed on it. Only the world is not conscious of its unity. It has to be made conscious."

''આ જગત એક ઐક્ય છે જ - સદા તે તેમ જ હતું અને તેમ જ છે. આજની ક્ષણે પણ એ જ સત્ય છે. એવું નથી કે જગતમાં ઐક્ય નથી અને તે ઐક્યને બહારથી આણી લાવીને તેના પર ઠોકી બેસાડવાનું છે. પોતાના મૂળ ઐક્યથી જગત સભાન નથી એટલું જ. એ વાસ્તવથી એને સભાન કરવાનું છે.

"We consider now is the time most propitious for the endeavor. For, a new force or consciousness or Light - whatever you call the new element - has manifested into the world, and the world has now the capacity to become conscious of its own unity.

અમને લાગે છે કે આ વર્તમાન સમય એ કાર્યને ફળદાયી કરવા સૌથી શ્રેષ્ઠ છે. કારણકે એક નવી શક્તિ, એક નૂતન ચેતના અગર તો એક નવીન પ્રકાશ - આ નવા તત્ત્વને તમારે જે નામ આપવું હોય તે - જગતમાં અવતીર્ણ થયું છે. અને જગતને પણ હવે પોતાના ઐક્યથી સભાન થવાની ચૈતસિક ક્ષમતા સાંપડી છે.

અતિમનસ ચેતનાના અવતરણ અને જગતમાં તેના કાર્ય વિષે શ્રી માની પોતાની સરળ સૂત્રાત્મક શૈલીમાં આ એક અતિ અગત્યનો સંદેશ આપણી પાસે આવે છે. એ મહાશક્તિ વિષેની કેટલીક મુખ્ય બાબતોને શ્રી માએ એકીસાથે અહીં અદ્‌ભુત રીતે વણી લીધી છે. આમ શ્રી માનો શ્રી શબ્દ સ્વયં હાજર છે ત્યારે મારે તે પર મારું બિનજરૂરી વિવરણ કરવું નથી. મારે તો શ્રી મા પોતાના બાળકોના પરિપૂર્ણ વિકાસ માટે, કેટલાં વહાલ, તમન્ના અને કાળજીથી આપણી ચેતનાને સતેજ કરવા કેવા સતત આગ્રહશીલ રહ્યા હતાં એનું જ નિદર્શન કરવું છે. આ બીના પોતે જ શ્રી માના દિવ્ય વાત્સલ્ય પ્રેમનું એક જીવતું જાગતું ઝરણ બની આપણી ચેતનાને નિરંતર પ્રેરતું રહે છે.

તેઓ ઇચ્છતા હતાં, કે જે સમયમાં આપણે તેમના સમકાલીન બની જીવતા હતા તેઓ અને વિશ્વભરનાં તેમનાં સંતાનો આ 'સ્થળ - કાળ - અને મહાન ઘટનાની' ઐતિહાસિક અનન્યતા અને નિકટતા સમજીએ. અને માનવ જીવનમાં જવલ્લે જ પ્રાપ્ત થનારી જન્મજન્માંતરની આ અપૂર્વ તકને આપણી માનવસહજ બેદરકારીમાં ગુમાવી બેસીએ નહીં. તેઓ સીધા સવાલ પૂછતા અને છતાં આપણી પાસેથી જવાબની પણ કોઈ આકાંક્ષા રાખતા નહીં. એમાંના ત્રણ પ્રશ્નો આપણા લેખના વિષય સાથે સુસંગત હોવાથી સ્મૃતિ પર તરત સ્ફૂરી આવે છે. એ ત્રણ પ્રશ્નો આ : Are you ready ? Will you help ? Will you Colloborate ?

પહેલો પ્રશ્ન તમે તૈયાર છો ? એ વિષે શ્રી મા જ સ્પષ્ટ કરતાં કહે છે: "Are you ready for the hour of God ?'' વિશ્વમાં આરંભાતી પ્રભુની પોતીકી આ નૂતન ઘટિકા માટે તમારી તૈયારી છે ? અને તમે જો જાગ્રત અને સચેતસ હોવ તો Will you help ? તમે મદદરૂપ થશો ? આ પ્રશ્નના પૂર્વાર્ધમાં તેઓ જાણે કાનમાં સંકેત નહીં આપતા હોય તેમ કહે છે : " The world is preparing for a big change." જગત એક મહાપરિવર્તન માટે તૈયારી કરી રહ્યું છે.

"Will you Colloborate ?" તમે સાથી - સંગાથી થશો ?

આમાં શ્રી મા ક્યા મહાપરિવર્તનનો નિર્દેશ કરી રહ્યાં છે, આ વાતને સમજાવતાં પોતે કહે છે કે :

"The best way of helping is to let the consciousness that

has come down upon earth work in you for transformation."

તમે સૌથી ઉત્તમ મદદ તો, જે ચેતના પૃથ્વી ઉપર અવતરિત થઈ છે તેને તમારામાં થતાં રૂપાંતરના કાર્યમાં સક્રિય થવા દો તે છે.

હવે વાત સાવ સાફ અને સોંસરી બની જાય છે. શ્રી મા તો આદ્યાશક્તિ છે. સર્વશક્તિ સંપન્ન છે. એમની પોતાની કોઈ માંગ નથી કે તે માટેની તેમની કોઈ ઉતાવળ નથી. પરંતુ શ્રી અરવિંદ અને શ્રી માના માનવચેતનાના વૈશ્વિક રૂપાંતરના કાર્યમાં આપણે સપાટી ઉપરના Involvementની કે સહકારિતાની પણ વાત નથી. વાત છે આ મીશન્ડ કાર્યમાં આપણા Commitmentની. પ્રભુના કાર્યમાં નિષ્ઠાપૂર્વક આપણા સહિયારાપણાની, આપણા પાર્ટીશિપેશનની. ચેતનાના આ અદ્વિતીય રૂપાંતરણના કાર્યમાં એમની શાશ્વત ચેતનાના દિવ્ય સ્પંદનો સાથેના આપણી ચેતનાના સંયોજન.

આ આખું વિશ્વ કોઈ જાદુઈ દંડો ફેરવીને ચમત્કારથી સર્જાયું હોત તો કથા જુદી રીતે મંડાઈ હોત. અહીં અનેક રૂપોમાં પ્રભુના પોતાના જગદાનંદની વાત છે. અને તેથી જ તો ગુપ્ત અને માર્મિક રીતે આપણામાં એના અંશનો પ્રત્યક્ષ નિવાસ છે. એમની સાથેની એકતાથી જ હવે પછીના વિકાસનું નૂતન નિત્ય પ્રસ્થાન શક્ય બની શકશે. જો આપણા સમગ્ર જીવનને આપણે "Hour of God તરીકે સમજી શકીએ અને કેન્દ્રસ્થ થઈ, આપણા કેન્દ્રોને Living laboratory for collective colloboration - પ્રભુ - ચેતનામાં સામૂહિક વિકાસના એક જીવંત કેન્દ્ર તરીકે જાળવી શકીએ.

શ્રી માનો તો કોલ છે જ કે "I am with you" હંમેશ તમારી સાથે છું'' પછી ભય કઈ વાતનો ! બસ આનંદ જ આનંદ.

---

## અનેરો અવસર

શ્રી સુંદરમ્‌ના દક્ષિણા ત્રિમાસિકના પ્રથમ ૧૦૮ અંકોની ડીવીડીનું લોકાર્પણ માતૃભવન, ૮૭-બી, સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯, સ્થળે 'ઉદ્દેશ ' ના તંત્રીશ્રી પ્રબોધભાઈ જોષી અને 'અર્પણ' માસિકનાં તંત્રીશ્રી કિરીટભાઈ ઠક્કરનાં વક્તવ્યો સાથે સંપન્ન થયું. ડી,વી.ડી માતૃભવનેથી મળશે.

# આગામી ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીની વેબસાઈટમાંના Next Future સપ્ટે.૦૮ ઉપર આધારિત-સાભાર)

પિતૃત્વ પ્રાપ્ત કરવાનો પોતાનો રોમાંચ હોય છે. નવું બાળક નિર્માણ કર્યું એટલું જ નહિ પણ તે એક નવી સાધનાની શરૂઆત પણ બની જાય છે. બાળક માટે સ્વકામનાઓનો ત્યાગ અને શ્રદ્ધા, નિરપેક્ષ પ્રેમ અને સાથે નિરપેક્ષ સંરક્ષણ આપવું આ બધાના અનુભવોની શરૂઆત પણ થાય છે. દરેક વસ્તુ પેલા બાળકની સુખસુવિધા ને પ્રગતિને ધ્યાનમાં લઈને આયોજીત થાય છે. અર્થાત્ બાળકના ભાગ્યમાં અપવાદરૂપે નિષ્કાળજી કે કઠોર વર્તન પણ આવે છે. પણ સર્વ સાધારણ રીતે માતાપિતામાં દીર્ઘદૃષ્ટિ અને મહત્ત્વાકાંક્ષાનો અભાવ અને આળસુવૃત્તિ હોવા છતાં તેઓ પણ બાળકો માટે જે તેમને માટે સારામાં સારું હોય તે કરે જ છે.

પણ શું બાળકો માતાપિતાની તકલીફો, યાતના, અને આત્મબલિદાનને સમજે છે ? માતાપિતાએ આપેલા સમયના ભોગને તે અનુભવે છે ? શું તેઓ માતાપિતાનું માન જાળવે છે ? ઘણી વખત માતાપિતા અને બાળકનાં જીવન બાબતના વિચારો અને તેમનાં વ્યક્તિત્વો પરસ્પર અથડાય છે. છતાં બાળકમાં પ્રેમ ક્યાંક રહે જ છે અને પોતે માતાપિતા બને ત્યારે અગ્રભાગે આવી જ જાય છે.

પ્રભુ સાથે આપણા સંબંધો પણ આ સંબંધોને મળતા જ છે. પ્રભુ તો સમગ્ર વિશ્વના પિતા છે અને તે પણ આપણામાં જે સારામાં સારું છે તેને બહાર લાવવા માગે છે. પ્રભુકૃપા સદા માતાપિતાની જેમ જ આપણી કાળજી લે છે અને આપણે પેલા બાળકોની જેમ પ્રભુ સામે જ બળવો પોકારીએ છીએ. અને જીવનમાંની ધૂપછાંયના અનુભવોથી ઘડાઈ અંતે પ્રભુ પ્રત્યે આભાર દર્શાવતા થઈ જઈએ છીએ. કદાચ જન્મની ઘટના એ પણ પ્રભુની જીવનનાં પાઠ શીખવવાની એક યુક્તિ જ છે.

(બાઈબલમાં પ્રોડીગલ-સનની વાત આવે છે. પ્રોડીગલ સન એટલે ભટકી પડેલો દીકરો. પોતાનો ભાગ લઈને તે મોજશોખમાં ઉડાડી દીકરો પિતાના ઘેર પાછો આવે છે ત્યારે પિતા તેનું સ્વાગત કરે છે. અનુભવને ગાંઠે બાંધી સુધરવા કહે છે. તેને પ્રેમથી સ્વિકારી લે છે. પરમપ્રભુ તો દયાના સાગર છે. આપણાં પતન જરૂરી હતાં એટલે થાય છે. પણ તેમાંથી શીખી આગળ વધવું એ જ પ્રભુનો આદેશ છે. તેમાં જ પ્રભુની પ્રસન્નતા છે. તે જ પ્રભુને પ્યારા છે. - તંત્રી)

# સાવિત્રી-સાર

પ્રકરણ-૭૨

## આત્મદૃષ્ટિથી આંતરિક ઉઘાડ

(B-1. C-3 P 27)

- માન

આત્મદૃષ્ટિ કેળવવાથી થતાં પરિણામો વિષે શ્રી અરવિંદ જણાવી રહ્યા છે. તેઓ કહે છે કે સાધકનું શારીરિક તત્ત્વ મન, પ્રાણની ગુલામીમાંથી મુક્ત થઈને ચૈત્યપુરુષનું કરણ અને તેના અનુભવોનું સહાયક બની ગએલું હોય છે. આ તેનું દિવ્ય-કાર્ય કહેવાય છે અને તેથી શ્રી અરવિંદ તેને "heavenlier function" તરીકે નવાજે છે. મન, પ્રાણ બન્ને અચિત્‌ના પ્રભાવ નીચે જ કામ કરતા હોવાથી શારીરિક તત્ત્વમાં પણ અચિત્‌નો પ્રભાવ જ વધારે પ્રમાણમાં દેખાતો હતો. પોતે તો પ્રભાવમાં હતું જ સિવાય હવે મન, પ્રાણનો પણ તેવો જ પ્રભાવ પડવાથી તે વધારે તમોગ્રસ્ત લાગતું હતું. પણ જ્યારથી તે ચૈત્યપુરુષનું કરણ તરીકે કામ કરવા લાગ્યું ત્યારથી ઉપરના બન્ને પ્રભાવો પડતાં બંધ થવાથી શારીરિક તત્ત્વનું કાર્ય વધારે શુદ્ધ અને ચેતનાસભર બનવા લાગ્યું છે. આને શ્રી અરવિંદ "with a finer mode" શબ્દથી વર્ણવે છે.

આનો પરિણામ શારીરિક-તત્ત્વના તદ્દન બાહ્ય સ્વરૂપ ઉપર પણ પડે છે. પ્રથમ પરિણામ ચેતાતંત્ર અને મજ્જાતંત્ર ઉપર પડે છે અને તેનું પરિણામ અંતે બાહ્ય શારીરિક ઉપર પણ દેખાવા માંડે છે. સાધકનું ચેતાતંત્ર જે શાંતિ, ઓછો ઉશ્કેરાટ, તૃપ્તિ અને આત્મવિશ્વાસ સભર પરિસ્થિત અનુભવી રહ્યું છે તેનું પરિણામ શરીરનાં બાહ્ય વર્તન અને દેખાવ ઉપર પણ થાય છે. ચામડીમાં કાંતિનો ચળકાટ દેખાય છે. ચામડી સ્નિગ્ધ અને કોમલ બને છે. કરચલીઓ અદૃશ્ય થવા માંડે છે. ચામડીને જાણે બધું જ પોષણ યથાવશ્યક રીતે મળતું હોય એવી તે તાજી અને બાળક જેવી નિર્મળ બને છે.

આ બાહ્ય દેખાવ સિવાય શરીરના વર્તનમાં એક પ્રકારનો દમામ અને જાજરમાનપણું લાગે છે. શ્રી અરવિંદ આવી ભવ્યતાને અને તેના સૌંદર્યને "grace" તરીકે વર્ણવે છે. બાહ્ય શારીરિકને શ્રી અરવિંદ outward earthliness કહે છે. સાધકનો અવાજ પણ ધીરગંભીર, મધુર અને માર્દવયુક્ત બને છે. તેમાં પ્રેમાળ ભીનાશ વર્તાય છે એવું ઉપનિષદો પણ વર્ણવે છે. આ બધું શ્રી અરવિંદ નીચે મુજબ વર્ણવે છે:

A heavenlier function with a finer mode
Lit with its grace man's outward earthliness;

મન, પ્રાણ, શારીરિક તત્ત્વનાં સહકારથી ચૈત્યપુરુષનાં કાર્યનો પણ વિસ્તાર થાય છે. તેણે પોતાના આવિર્ભાવ માટે પાંચ આવરણો કે કોષો ધારણ કરી રાખેલાં હોય છે. તે એકથી એક વધારે ઘનીભૂત હોય છે. તેમનાં નામ છે આનંદમય, વિજ્ઞાનમય, મનોમય, પ્રાણમય અને પાર્થિવકોષ (આને અન્નમય પણ કહે છે કારણ તે અન્નથી પોષાતો હોય છે)

મન, પ્રાણ અને શારીરિક તત્ત્વની જડતાને કારણે આ કોષો ભૌતિક સ્તરે પોતાનું સાચું કાર્ય પ્રગટ કરવામાં અવરોધાતા હોય છે. પણ તે મુખ્ય અવરોધનું હવે નિવારણ થવાથી તેઓ જે અત્યાર સુધી તમોગ્રસ્ત અને જડ બનીને સુપ્તાવસ્થામાં હતાં. તે ધીમે ધીમે જાગૃત થઈ ચૈત્યપુરુષનાં પ્રભાવ નીચે સક્રિય બનીને પોતાનાં કાર્યો કરવા સળવળવા માંડે છે. તેઓ ચૈત્યપુરુષના દિવ્ય અનુભવોને, ગૂઢ-અનુભવોનો પણ પરિણામ સ્વીકારવા માંડે છે. તેમનાં સંવેદનો ઝીલે છે અને તેમને પ્રગટ કરવાની ક્ષમતા કેળવતા થાય છે. શ્રી અરવિંદ જણાવે છે કે

The soul's experience of its deeper sheaths
No more slept drugged by Matters dominance.

Sheaths એટલે ઉપર જણાવેલાં પાંચ કોષો.

પાર્થિવ કોષ એટલે આપણું ભૌતિક શરીર તેની દ્વારા આપણે કૃતિ કરીએ છીએ. પ્રાણમય કોષ દ્વારા આપણે આપણી કામનાઓ ઈચ્છાઓ અને ભાવનાઓને વ્યક્ત કરતાં હોઈએ છીએ. જ્યારે મનોમય કોષ દ્વારા આપણે વિચારો, આયોજનો, તર્કોને વ્યક્ત કરતા હોઈએ છીએ. આ ત્રણે પ્રકારનાં કાર્યથી માનવ સુપરિચિત હોય છે કારણ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં આ ત્રણે કોષો વિકાસ પામેલાં હોય છે. વનસ્પતિ અને જીવજંતુની કક્ષાએ પાર્થિવ કોષ વિકાસ પામે છે. પશુ પક્ષી પ્રાણીની કક્ષાએ પ્રાણમય કોષ વિકાસ પામે છે અને માનવની કક્ષાએ મનોમય કોષ. તેથી તેમનાં કાર્યો તેને પરિચિત છે.

પણ વિજ્ઞાનમયકોષ અને આનંદમય કોષ હજી વિકાસ પામેલા નથી. આગામી ઉત્ક્રાંતિના તબક્કામાં વિજ્ઞાનમયકોષ વિકાસ પામવાનો છે અને અંતે આનંદમય કોષ. વિજ્ઞાનમય કોષના વિકાસ દરમિયાન આપણી જ્ઞાનાર્જન-પ્રક્રિયા જ તદ્દન બદલાય જવાની છે તેમ જ શરીર ભૌતિક-શક્તિઓ ઉપર ન

નભતાં જ્ઞાનની શક્તિઓ ઉપર નભતું થવાનું છે. તે વૈશ્વિક શક્તિઓને પોતાના જ્ઞાનનાં બળે શરીરમાં જ નિર્માણ કરીને વાપરતા શીખવાનું છે. આ માટે તેણે વ્યક્તિગત ચેતનામાંથી ઉપર ઉઠીને વૈશ્વિક-ચેતનામાં પ્રવેશવાનું જરૂરી બને છે. આ જ કાર્યનો પાયો 'આત્મદૃષ્ટિ' નાખી રહી છે અને તેથી જ ઉપર જણાવેલાં વિજ્ઞાનમય કોષના અવનવા કાર્યો ધીમે ધીમે પ્રગટ થવા માંડ્યાં છે.

આત્મદૃષ્ટિ દ્વારા જ માનવ વ્યક્તિચેતનાને વટાવી સમષ્ટિ-ચેતનામાં અર્થાત વૈશ્વિક અને વિશ્વાતીત ચેતનામાં પ્રવેશતા શીખવાનો છે. કુદરતે દરેક કોષને વિકસાવવાની ક્ષમતા નીચેનાં કોષમાં બીજ સ્વરૂપે આપેલી જ હોય છે. તેમ પ્રાણમય કોષનું બીજ પાર્થિવ કોષમાં અને મનોમય કોષનું બીજ પ્રાણમય કોષમાં જોવા મળે છે તેમજ વિજ્ઞાનમય કોષનું બીજ મનોમય કોષમાં જોવા મળે છે. 'આત્મદૃષ્ટિ'ની ક્ષમતા એ મનોમય કોષમાં રહેલ વિજ્ઞાનમય કોષનું બીજ છે. આ આત્મદૃષ્ટિનું બીજ ફુલવા-ફાલવા માંડતા જ ચેતનાનું વિશાળ-ક્ષેત્ર સાધકને અનુભવમાં આવે છે. તેને પોતાનો આત્મા વિશાલમાંથી વિશાલતર થતો લાગે છે. શ્રી અરવિંદ આને "wider self" તરીકે વર્ણવે છે. શારીરિક તત્ત્વમાં રૂપાંતર આવતા જ આ વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષ જે નિષ્ક્રિય અને અજાણ હતાં તે પણ સક્રિય બને છે તેથી શ્રી અરવિંદ આ બન્નેને "deeper sheaths" કહે છે. શારીરિક-તત્ત્વની તમોગ્રસ્ત જડ દીવાલ ભાંગી પડે છે અને આ વિશાળ-આત્મતત્વનાં સાધકને દર્શન થવા માંડે છે. અત્યાર સુધી આ બધાં ક્ષેત્રો જાણે ગૂઢ ધુમ્મસ નીચે છુપાયેલાં હતાં. તમસના અંધકારમાં અને તંદ્રામાં છુપાયેલાં હતાં. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે,

In the dead wall closing us from wider self,
Into a secrecy of apparent sleep,

પણ તેમ છતાં કુદરતે આ છૂપા અને વિખૂટા પડી ગએલાં પ્રદેશમાં પ્રવેશવાનું એક ગુપ્ત દ્વાર રાખેલ હતું. તે જ 'આત્મદૃષ્ટિ' રૂપી ગુપ્ત દ્વાર હતું. તે દ્વારા પાર્થિવતત્ત્વે રચેલ છે. તેની શક્તિઓએ રચેલ છે. શ્રી અરવિંદ કહે છે તેમ "matter force"એ રચેલ છે. આ "matter's force" એટલે શું ? તે 'સૂક્ષ્મ પાર્થિવ સ્તર' છે. સૂક્ષ્મપાર્થિવ તત્ત્વ ચૈત્યપુરુષનાં સંકલ્પ માત્રથી બદલાતું હોય છે તેથી તે બાહ્ય સ્થૂળ ભૌતિક તત્ત્વ જેવું "dead" અથવા ચૈત્યપુરુષના સંકલ્પ પ્રત્યે બધીર હોતું નથી, તે બદલાય છે જાણે તે સૂક્ષ્મ પાર્થિવતત્ત્વનાં બનેલાં હોય

છે. આપણા યોગ-ચક્રો આવા સૂક્ષ્મ પાર્થિવ તત્ત્વનાં બનેલાં હોય છે.

અને આવા સૂક્ષ્મપાર્થિવ તત્ત્વમાં પ્રવેશવાનો એક મન્ત્ર છે. શ્રી અરવિંદની ભાષામાં કહેવું હોય તો એક "mystic tract" છે. બાઈબલનો ગૂઢ એવો મન્ત્રાત્મક ફકરો હોય તેને જ "mystic tract" કહે છે. આવો ફકરો શો છે? આવો ગૂઢ વિચાર શો છે? તે વિચાર એ જ છે કે પરમ-ચેતના જે સર્વ વ્યાપી છે તેણે જ આ વિશ્વમાંના બધા જ સજીવ-નિર્જીવ રૂપો લીધાં છે અને તેથી જ બધા સ્વરૂપ તે પરમ-ચેતના સિવાય કાંઈ નથી. આ એવો દિવ્ય-વિચાર છે, દિવ્ય-મનન છે, જે સાધકે વ્યક્તિ ચેતનામાંથી વિશ્વચેતનામાં પ્રવેશવાનું ગુપ્ત દ્વાર ખોલી આપે છે. આ ગુપ્ત દ્વાર અત્યાર સુધી આપણા સભાન મનને, જાગૃત મનથી અજાણ હતું. હવે તે ઉપરની ભાવનાના બળે ખોલવામાં આવે છે અને વૈશ્વિક-ચેતનામાં પ્રવેશ મળે છે. ચૈત્યપુરુષમાં આવો ભાવ સતત અને સહજ હોય છે. તે સદા પોતાને પરમપ્રભુનો અંશ તરીકે જ અનુભવતો હોય છે અને અન્યોને પણ તેવા જ અંશો ગણતો હોય છે. તેના સ્વભાવમાં આવી ‘આત્મદૃષ્ટિ’ જન્મજાત અને નૈસર્ગિક હોય છે. પણ આપણા તમોગ્રસ્ત મન, પ્રાણ, શરીરને તે કેળવવી પડે છે. તેનો અભ્યાસ કરવો પડે છે. આ કામ અઘરુ છે. જડતા સામે જંગ પુકારવા જેવું છે. પણ આ રીતે આ મન્ત્ર દ્વારા જ પેલું સ્વર્ગીય દ્વાર ખૂલે છે. અન્યથા નહીં. તે દ્વાર જ અધ્યાત્મિક જગતના અનુભવો આપવા સમર્થ છે જે ભૌતિક ઈન્દ્રીયોને શક્ય જ નથી. તેથી શ્રી અરવિંદ લખે છે કે

The mystic tract beyond our waking thoughts
A door parted, built in by Matter's force,
Realising things unseized by earthly sense:

આવા વ્યક્તિ ચેતનામાંથી વિશ્વચેતનામાં જતું દ્વાર એક જ છે પણ યોગચક્રો તો ઘણાં છે. તો પછી ક્યું યોગ-ચક્ર વિશ્વચેતનામાં ખૂલે છે? યોગશાસ્ત્ર જણાવે છે કે ‘સહસ્રાર-ચક્ર’ આ એક જ એવું ચક્ર છે જે વિશ્વ-ચેતનામાં જવાનું દ્વાર છે. બાકીનાં ચક્રો વિવિધ સૂક્ષ્મલોકમાં જવાનાં પ્રવેશદ્વાર છે. વિશ્વ-ચેતના જ સત્ય હોવાથી આ ચક્રને સત્ય-લોકમાં પ્રવેશવાના દ્વાર તરીકે પણ ગણવામાં આવે છે. વિશ્વ-ચેતનામાં આપણે વિશ્વાતીત ચેતનાનો પણ સમાવેશ અહીં કરી રહ્યાં છીએ આ સમષ્ટિની ચેતનાની વાત છે.

આવી રીતે સત્યલોકમાં પ્રવેશ થતાં જ અર્થાત્ વિશ્વ-ચેતનામાં પ્રવેશ થતાં જ સાધકને શું દેખાય છે તેનું વર્ણન હવે શ્રી અરવિંદ કરી રહ્યા છે.

સાધકને તેના બાહ્ય સ્થૂલ મને અત્યાર સુધી ન અનુભવેલું એવું જગત જોવા મળે છે. તેવા જગતની હસ્તી બાબત પણ આવું સ્થૂળ મન જાણતું હોતું નથી તેથી શ્રી અરવિંદ તેને "unseen and unknown" કહે છે. ત્યાં એક પ્રકારની સ્તબ્ધતા છે કારણ મન તદ્દન એકાગ્ર થઈને પેલી મંત્રાત્મક ભાવનામાં વિલીન થઈ જવાથી એક પ્રકારનું નૈસર્ગિક, સહજ મૌન સધાય છે. માનસિક એકાગ્રતા અને સ્તબ્ધતા, નિરવતા ફેલાય છે. તેવી અવસ્થાને શ્રી અરવિંદ અહીં "silent spaces of the soul" તરીકે વર્ણવે છે. આવે વખતે સાધકની ચેતના અક્ષર ચેતનામાં એકાગ્ર થએલી હોય છે અને ભ્રૂમધ્યના આજ્ઞાચક્રમાં સ્થિર થએલી હોય છે. શ્રી અરવિંદ તેને "secret chamber" કહે છે. અને ત્યાંથી તેને અક્ષર-ચેતનાનો વિસ્તાર દેખાય છે- અંતરીક્ષની જેમ. ખરેખર તો તે જ 'અંતરીક્ષ' હોય છે. અંતરીક્ષનો અર્થ છે આંતર આંખથી જોવાએલો પ્રદેશ. 'યત્ આંતર ઈન્દ્રીયેણ ઈક્ષતે તદ્ અંતરીક્ષમ્' આવો અંતરીક્ષનો પ્રદેશ તેને જોવા મળે છે. તેમાં તેને ઘણા પ્રકાશમય પ્રદેશો દેખાય છે. આ પ્રકાશ દરેક વસ્તુનો આંતર-પ્રકાશ હોય છે. બહારથી બાહ્ય સપાટી ઉપર પડતો આ ભૌતિક પ્રકાશ હોતો નથી. આવાં આંતર ઉજાશથી પ્રકાશમય ચેતનાનાં વિસ્તારમાં તેને પેલો દિવ્ય પ્રદેશ જોવા મળે છે. શ્રી અરવિંદ તેને "limunous Countries" કહે છે. પણ તે દિવ્ય-પ્રદેશો સત્ય અને વાસ્તવિક હોવા છતાં તે હજી ભૌતિક સ્તરે વાસ્તવિક બનેલાં નથી. ત્યાં તેમનો આવિર્ભાવ થએલો ન હોવાથી શ્રી અરવિંદ તેને "unborn" કહે છે. આ એવો પ્રદેશ છે જ્યાં મનમાં સાકાર થએલી બધી જ વસ્તુઓ સત્ય હોય છે. આ સત્ય અને પાર્થિવ સત્ય એવો તફાવત પાડી શકાય છે. અપાર્થિવ સત્યને 'ઋતમ' કહેવામાં આવે છે. તે બીજ સ્વરૂપે જાણે અસ્તિત્વ ધરાવે છે. તેમની હયાતી હોય છે પણ પાર્થિવ સ્વરૂપની હોતી નથી. આવા ઋતમ-લોકને જ સત્યલોક કહેવામાં આવે છે અને તે ઋતંભરા પ્રજ્ઞાથી જ જોઈ શકાય છે. સત્યનો અર્થ અહીં પરમ-ચેતનાનો સત્ પાસામાંથી આવિર્ભાવ પામેલું એવો હોય છે આ સૂક્ષ્મ પાર્થિવ સત્ય હોય છે. જ્યારે તે ભૌતિક વિશ્વમાં સાકાર થાય છે ત્યારે તેને ભૌતિક-સત્ય કહે છે. ભૌતિક તત્ત્વ એ પાંચે મહાભૂતોના સંયોગોથી નિર્માણ થએલી અતિઘનીભૂત અવસ્થા હોય છે. તેથી તેને 'મહાભૂત' પણ કહે છે. ભૂત એટલે ઘનીભૂત એવો અર્થ છે. જ્યારે પાર્થિવ તત્ત્વએ ઉપર મુજબનાં સંયોજન પહેલાંની પંચભૂતો પૈકી પાંચમાં ભૂતની શુદ્ધ અને એકાકી અવસ્થા છે. સત્યલોકમાં પણ આ રીતે પાર્થિવ તત્ત્વ તો છે જ તેથી

તેને સત્યલોક કહે છે. પાર્થિવ તત્વ એ 'સત્' તત્વનાં જ આવિર્ભાવ સ્વરૂપ છે. પ્રભુએ જોએલાં બધાં સપનાં સત્યલોકમાં રચાયેલાં હોય છે. તે સત્ય જ હોય છે અને પછી ધીમે ધીમે તે નીચેનાં લોકોમાં વાસ્તવિક બનીને અંતે ભૌતિક તત્ત્વમાં વાસ્તવિક બને છે. તેથી શ્રી અરવિંદ લખે છે કે

A world unseen, unknown by outward mind
Appeared in the silent spaces of the soul.
He sat in secret chambers looking out
Into the luminous countries of the unborn
Where all things dreamed by the mind are seen and true
And all that the life longs for is drawn close.

અશ્વપતિને આત્મદૃષ્ટિ કેવી રીતે આન્તદૃષ્ટિનો ઉઘાડ આપે છે તે સમજાવા લાગ્યું. આંતરિક-સત્યોનાં જગતનાં તેને દર્શન થયાં. જગત ભૌતિક-સ્તરે કેવી રીતે વાસ્તવિક બનતું જાય છે તેની સમગ્ર પ્રક્રિયા તેને જાણવામાં આવી અને સાધનાનું મર્મ સમજાયું. આત્મદૃષ્ટિ એ જ સાધનાનું મર્મ છે. આત્મદૃષ્ટિ જ વૈયક્તિક અહંકારમાંથી સાધકને ઉઠાવી વૈશ્વિક-ચેતનામાં સ્થાપે છે. અશ્વપતિને પોતાની આંતરિક દૃષ્ટિ ખીલતી લાગી.

## પ્રાર્થના અને ધ્યાન

(પેજ નં. ૪ ઉપરથી આગળ)

શ્રી માતાજી પ્રાર્થના કરે છે કે જગતમાં બધાને જ તારા આવા અભેદ-દર્શનનું જ્ઞાન થાઓ. તેમને સાચા અતિમનસ તત્ત્વનો ખ્યાલ આવે. તેઓ અહંકારથી ઉપર ઉઠવાનું સાચું અને સચોટ જ્ઞાન મેળવે. ફક્ત આ અભેદના જ્ઞાન પાસે જ થંભી ન જાય પણ જેમ પોતે પ્રભુના સંકલ્પ સાથે તાલ મિલાવી પોતે સક્રિય બન્યાં છે, તેમ બધા જ તેવી સ્થિતિ જ પ્રાપ્ત કરે તે માટે સભાન પ્રયત્નો કરે. તેવી પ્રાર્થના અને શુભ સંકલ્પોને રોજેરોજ વહેતાં કરે, જેથી વૈશ્વિક-ઉત્ક્રાંતિની પ્રક્રિયાને ગતિ મળે. આ જ પ્રભુની સાચી સેવા છે, એમ શ્રી માતાજીને લાગે છે.

આવી 'પરમ-દીક્ષા' બધાને જ પ્રાપ્ત થાય એવું માતાજી ઝંખી રહ્યાં છે.

# સહજ-સત્સંગ

(માતાજીના વાર્તાલાપો - તા.૧૪.૮.૫૭ના વાર્તાલાપ ઉપર આધારિત)

-માન

''માતાજી, આશ્રમ વધારે ને વધારે વિશાળ બનતો જાય છે પણ સાથે સાથે આશ્રમવાસીઓની સર્વ સામાન્ય ચેતના નીચે ઉતરતી જાય છે એમ લાગે છે. આનું કારણ શું?

''બેટા, પહેલાં ગણ્યાગાઠ્યા લોકો જ હતા અને દરેક જણ પોતપોતાની સાધનાને ઊર્ધ્વગતિ આપવામાં જ મગ્ન હતાં. સાધના વ્યક્તિગત વધારે હતી. સામૂહિક ઓછી હતી. આશ્રમવાસીઓ માટે ખૂબ જ ઓછા એવા સર્વ સામાન્ય નિયમો હતા. પણ આપણા યોગમાં સામૂહિક-સાધનાનું અને સર્વ-સામાન્ય ચેતનાના ઉત્થાનનું પણ ઘણું મહત્વ છે. કારણ ઉત્ક્રાંતિ સર્વ સામાન્ય - ચેતના પ્રગતિ કરે છે ત્યારે જ વિશાળપાયે શરૂ થાય છે.

જે સાક્ષાત્કારો થયાં તેમાં જ રચ્યાપચ્યા રહેવું એ પ્રગતિ નથી. કદાચ તે અવનતિની શરૂઆત બની જાય છે. સતત પ્રગતિ, જૂના સાક્ષાત્કારોથી ઉપર ઉઠવું ખૂબ જ મહત્ત્વનું છે.

હવે સામૂહિક-સાધના માટેનો પાયો રચાઈ રહ્યો છે. આ નવી પરિસ્થિતિમાં સ્થિર થતાં પહેલાં ઘણા દૂષણો જન્મશે. પણ આ તો સંક્રાંતિ-કાળનું લક્ષણ છે. આપણે નિર્માણ થતી સમસ્યાઓને આત્મવિશ્વાસથી નિવારવી પડશે. નવી પ્રગતિ કરવી પડશે. મૂળ તો આ પ્રક્રિયાને કારણે આશ્રમવાસી સાધકોની વ્યક્તિગત-સાધનામાં જે અવરોધો નિર્માણ થયાં છે તેને કારણે આ સર્વસામાન્ય-ચેતના નિમ્નસ્તરે આવી ગઈ છે એવો ભાસ નિર્માણ કરે છે. ખરેખર તો સર્વસામાન્ય-સ્તર થોડુંક ઉપર આવ્યું છે. પણ વ્યક્તિગત સાધનામાંની તીવ્રતા ઘટી ગઈ છે અને સંઘર્ષ વધી ગયો છે. ખરેખર સમસ્યા વ્યક્તિગત સાધનામાં છે.

જે વ્યક્તિ સચેતન હશે તે સર્વસામાન્ય-ચેતનાને સંઘર્ષ કરીને પણ ઉપર ઉઠાવશે. ખોટા સૂચનો અને માન્યતાને તાબે નહિ થાય. તેમને બદલીને ઊર્ધ્વગતિ આપવા નેતૃત્વ પૂરુ પાડશે. વ્યક્તિગત સાધના અને સામૂહિક-સાધના વચ્ચે સુસંવાદ રચાવો જરૂરી છે.

આશ્રમના જીવનને સાચા અર્થમાં ગતિશીલ રાખવા માટે આ આવશ્યક છે.

સૂક્ષ્મ જગતમાં આવું સતત દેખાય છે. જ્યારે તમે નવું કાંઈ સિદ્ધ કરવા પ્રયત્ન શરૂ કરો છો ત્યારે અત્યાર સુધી નિષ્ક્રિય રહેલાં તત્ત્વો અને બળો તેની વિરુદ્ધ સક્રિય બની અવરોધો સર્જે છે. આવી ઘટના વ્યક્તિગત તેમજ સામૂહિક સ્તરે, બન્ને રીતે બને છે. મુશ્કેલીઓ વધતી લાગે છે. પણ મુશ્કેલીઓ વધી રહી છે તેનો અર્થ ત્યાં અતિમનસ ચેતના કાર્ય કરી રહી છે એવો અર્થ લઈ શકાય અતિમનસનો આવિર્ભાવ આ લેખમાં શ્રી અરવિંદ જણાવે છે કે અતિમાનસિક અસરનો સ્પર્શ સમગ્ર માનવજાતિને થશે કે તે પરિવર્તન માટે તૈયાર થએલ અમુક ભાગો ઉપર, તે વસ્તુ તત્કાલીન વિશ્વની સમગ્ર સ્થિતિ ઉપર આધાર રાખશે. જે મૂળ ઈરાદો હતો તેની ઉપર અથવા જે શક્ય છે તેની ઉપર રહેશે.

'મૂળ ઈરાદો' એટલે સમગ્ર માનવજાતિ પરિવર્તન કરવા ઇચ્છે અથવા જગતની જન્મ પ્રક્રિયાનાં ભાગીદાર બને. જે શક્ય છે તેની ઉપર એટલે વિશ્વની ઉત્ક્રાંતિની નૈસર્ગિક પ્રક્રિયાને અપાય કર્યા વગર જેટલા પ્રમાણમાં અને જેટલા સ્થળે શક્ય હોય તે રીતે. ખરેખર તો બન્ને પર્યાય એક જ વસ્તુને જોવાના બે દૃષ્ટિકોણ છે. સમગ્ર પ્રક્રિયામાં સમક્ષિતિજ અર્થાત્ સર્વ દિશાએ ફેલાતા પ્રભાવના દૃષ્ટિકોણથી મૂળ ઈરાદો કેટલો સર્વવ્યાપી સ્વીકારાય છે તેનું દર્શન થાય છે. જ્યારે ઊર્ધ્વમાંથી અવતરણ પામતો સંકલ્પ કેટલે સુધી નિમ્ન-સ્તરે ઉતરે છે તે જોવાનો બીજો - દૃષ્ટિકોણ છે.

'તો, માતાજી વ્યક્તિગત સંકલ્પ સક્રિય હોય કે નિષ્ક્રિય તેથી કોઈ તફાવત પડતો નથી એવો જ અર્થ થાય ને ?'

''બેટા, જ્યાં સુધી મનોમય ચેતનામાં હોઈએ, પછી તે કેટલી પણ ઊર્ધ્વ કક્ષાની હોય છતાં, ત્યાં કાર્ય-કારણભાવ અને તાર્કિક-સુસંગતતાના આધારે જ શક્યતા તપાસવાની ટેવ હોય છે. પણ અતિમનસ ચેતનામાં એક સર્વવ્યાપી આયોજન અને સુસંગતતા દેખાવા માંડે છે. ત્યાં મૂળ-સંકલ્પ કેવી રીતે દરેક કાર્ય કરી રહ્યો છે, તેનું સ્પષ્ટ દર્શન થાય છે.

પ્રભુના સંકલ્પને કોઈ બંધન નથી પણ તે સ્વેચ્છાચારી હોતો નથી. તે સમગ્ર-સત્યનાં દર્શન સ્વરૂપ હોવાથી ત્યાં વિસંગતતા અને અવરોધ જણાતો નથી. એ અર્થમાં તે સંપૂર્ણ-સ્વતંત્ર અને મર્યાદાઓથી મુક્ત હોય છે. જેમ જેમ વિશ્વ ઉત્ક્રાંત થશે તેમ તેમ આ સમગ્રતાનું દર્શન વધારે ને વધારે સારી રીતે પ્રગટ થશે અને વધારે ને વધારે લોકો સમજશે પણ.

આજના તબક્કે તેને શબ્દોમાં પકડવાનો પ્રયત્ન કદાચ અનર્થ નિર્માણ કરે.

વધારે ગૂંચવણો નિર્માણ કરશે.

પરમાત્મા જાણે પોતાની જ સમગ્રતાનું પોતાના જ પ્રતિબિંબનું ધ્યાન કરી રહ્યાં છે. અને તે પોતાની જ દેશ-કાળની મર્યાદાઓ વટાવીને વધારે ને વધારે પ્રગટ થઈ રહ્યું છે.

''શ્રી અરવિંદનો જન્મ એક શાશ્વત જન્મ છે.

માતાજી, શાશ્વત-જન્મ એટલે શું?''

'બેટા, તેના શારીરિક, પ્રાણમય, માનસિક, ચૈતસિક અને આધ્યાત્મિક કક્ષાના જુદા જુદા અર્થ હોઈ શકે છે પણ તે બધા સમગ્ર-સત્યના વિવિધ પાસા સ્વરૂપ હોય છે. તે અર્થ સંપૂર્ણ-અર્થ હોતો નથી. પણ આંશિક અર્થ હોય છે.

ભૌતિક અર્થ એ છે કે જન્મનાં પરિણામો પૃથ્વીનું ભૌતિક અસ્તિત્વ છે ત્યાં સુધી તે ચિરકાળ ટકી રહેવાનો છે અને સમગ્ર પૃથ્વીના અસ્તિત્વમાં અનુભવાશે.

પ્રાણમય અને માનસિક અર્થ એ છે કે શ્રી અરવિંદના જન્મનાં પરિણામો લોકોની સ્મૃતિમાં ચિરકાળ રહેશે અને તેમનું નામ આદરથી લેવાશે.

ચૈતસિક અર્થ એ છે કે શ્રી અરવિંદનો આ કે તે સ્વરૂપે દર યુગે જન્મ થાય છે અને તેઓ યુગ-પ્રસ્થાપનાનું કાર્ય કરે છે.

આધ્યાત્મિક અર્થ એ છે કે સનાતન પરમાત્મ તત્ત્વનો જ તે જન્મ છે. પરમ-ચેતનાનો જ જન્મ છે.

---

## મહાન વિસ્મરણ

અહીં પૃથ્વી પર આપણું આવવું એ જ એક જબરદસ્ત ઘટના છે. તમે જ એકવાર આ અગ્નિ માટે પોકાર કરેલો, ને તમે જ આ યોગ માટેની માંગ કરેલી. પ્રભુએ તો તમને ફરીફરીને એક સુયોગ્ય તક આપેલી છે. પણ તમે અહીં આવીને આ બધું જ ભૂલી જાવ છો.

યોગમાં સહયોગ - ૫૬ **- શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી**

# ભગવતી - આરાધના

(હાલના તબક્કે રસાસ્વાદની શ્રેણીને અલ્પવિરામ આપી આ નવી કાવ્ય-માળા શરૂ કરીએ છીએ. તે શ્રી અરવિંદના 'મા' (The Mother) પુસ્તક ઉપર આધારિત છે. તેમાંની વિભાવનાઓને લઈ આ નવરાત્રી પ્રસંગે શરૂ કરીએ છીએ મા ભગવતીની આરાધના.

શું આપ જાણો છો કે આ વિશ્વદ્વારા પ્રભુની અભિવ્યક્તિની પ્રક્રિયા એ જ વિશ્વ-યજ્ઞ છે ? આ યજ્ઞ પ્રભુએ શરૂ કર્યો છે અને જગન્માતાએ તે માટે પોતાનું આત્મ બલિદાન ધરી દીધું છે. યજ્ઞવેદી એ આ વિશ્વયજ્ઞનું પ્રતીક છે. તેનાં ત્રણ કાંગરા (Three Steps) એ જગન્માતાનાં ત્રણ કક્ષાનાં સ્વરૂપો છે. અગ્નિની સપ્તજિહ્વાઓ એ પ્રગટ થએલાં સપ્તલોકોનાં પ્રતીક છે. દક્ષયજ્ઞમાં શિવપત્ની સતીના આત્મદહનની આખ્યાયિકા એ આ વિશ્વયજ્ઞની પ્રક્રિયાનું જ રૂપક છે. હવે વાંચો શ્રી અરવિંદનું મા પુસ્તક આધારિત કાવ્ય-શૃંખલા.- તંત્રી.)

### અધ્યાય - ૧

મા ભગવતીનો ત્રણ કક્ષાનો વિશ્વયજ્ઞ

(મા પેજ ૩૬-૪૯)

મા ભગવતી તમે, ચરાચરના માત
દિવ્યદેહ ધારણ કરી, સાચવો સંસારની સાચ.
નીચે વિવિધ સ્વરૂપો ધરો, કાર્ય કરો અનેક,
પ્રભુ સંકલ્પને અનુસરી, રચો સૃષ્ટિ સવેગ.
મા તું શક્તિ પ્રભુ તણી, ત્રિસ્તરે કામ કરો,
વિશ્વાતીતે મા આદ્યા તમે, અવ્યક્તનું દ્વાર બનો.
વિશ્વ સ્વરૂપે જગદંબા તમે, સરજો પ્રાણી વિવિધ,
તેઓ દ્વારા કાર્ય કરો, વિશ્વ સંચાલનની એ રીત.

ત્રીજું વ્યક્તિ-સ્વરૂપ ગણ્યું, કરે સજીવ દ્વિ-રૂપ,
વિશ્વાતીત ને વિશ્વને, જગમાં પ્રગટાવે અનૂપ.

પ્રભુ તણી પરા-પ્રકૃતિને, જોડે અપરાની સાથ,
માનવનો માર્ગ ખુલ્લો કરી, જોડે પ્રભુ સંગે એ જાત.

મા આદ્યા ધારણ કરે, પ્રભુનો આદિ સંકલ્પ,
તેના સત્યો જગાવીને, બોલાવે સ્વમાં અનંત.

તેને શક્તિ, સ્વરૂપ દઈ, કરે સાકાર, સવેગ,
તેને દ્વિદલ કરી, રચે પુરુષ પ્રકૃતિનો ભેદ.

બન્ને દ્વારા પ્રગટ બને, દેવો, દૈત્યો સ્વરૂપ,
માનવનું પણ રૂપ ધરી, વિચરે જગમાં અનુરૂપ.

બધું બ્રહ્મ, જગમાત રૂપ, લીલા થતી અપાર,
પ્રભુના અનુમોદને સદા, અસ્તિત્ત્વ ધરે એ સાર.

મા જગદંબા અનુસરે સદા, મા આદ્યાશક્તિ અનુરૂપ,
પ્રગટાવે પ્રભુ આનંદને, જે રહે પ્રભુમાંહિ સુપ્ત.

તે માટે સર્જે ઘણાં, વિશ્વે શ્રેણી અપાર,
ઊર્ધ્વમાં દિવ્ય વિશ્વો રહ્યાં, નીચે મલિન ને ગાર.

ઉપર સચ્ચિદાનંદ રૂપ, નીચે જડ અચેતન રૂપ,
વચ્ચે બધા વિશ્વો રહ્યાં, નિસરણી આ જગરૂપ.

દિવ્ય વિશ્વે આનંદ અતિ, શાશ્વત એ છે લોક,
સનાતન કાળે રહ્યાં, પ્રગટાવે પ્રભુ અલોક.

તે છે આનંદ લોક, અને વિજ્ઞાન લોક પણ હોય,
ત્યાં જગદંબા પ્રત્યક્ષ રહ્યાં, વ્યક્તિ રૂપે સહુ જોય.

તે લોક, જ્યોતિરૂપ રહ્યાં, વિહરે સુખ સાગર,
બધું સુખ, સંવાદમય, વિજ્ઞાનમય એ મહાનગર.

પણ જ્યાં આપણે રહ્યાં, મન, પ્રાણ, પાર્થિવ લોક,
પૃથ્વિલોક તેને કહે, દુઃખ, મૃત્યુ જરા ને શોક.

પણ તેની મહત્તા અતિ, સર્વે લોકનો મેળ,
બધાં વાસ્તવિક અહીં બને, બને ભેળ અને સેળ.

તેથી સંઘર્ષ કલેશ અતિ, અધૂરપનો નહિ કોઈ પાર,
અવિદ્યાનો તરખાટ ઘણો, ઉપાય કરવો અનિવાર.

મા જગદંબા વચ્ચે રહ્યાં, દિવ્યલોક મૃત્યુલોક,
અંતરયાળે સૃષ્ટિ રચી, સાંધે બે છેડાનો યોગ.

નીચે અવચેતન સૃષ્ટિઓ, અને અચેતન અપાર,
ત્યાં પણ મૂળીયાં ધરી, કરે દિવ્ય સુધાર.

પછી ઊત્ક્રાંતિના સહાયથી, વિકસાવે ચેતના ઉર્ધ્વ,
અંતે અસીમતાને વરે, એ ચડે દિવ્યતાનો દુર્ગ.

કરે તેને વિજ્ઞાનમય, અને આનંદમય લોક,
સુભગ સંગમ બે છેડા તણો, રચે લોક વિશોક.

મૃત્યુલોકે શક્તિરૂપો વસે, વિધવિધ અને અનંત,
મા જગદંબાની વિભૂતિ બની, કરે કાર્ય ભગવંત.

પ્રભુ આદેશે બલિદાન કરી, ત્યજ્યું જગદંબા-સ્વરૂપ,
અજ્ઞાન, અંધકારે અટવાઈને, સાધે હેતુ અનુરૂપ.

પ્રભુ લોકો બન્યાં, બન્યાં જગમાતતણાં બાળ,
વાત્સલ્યે સાચવે ઘણાં, મા કૃપાળી એ જાણ.

લઈ જાયે જ્યોતિર્પથે, વિકસાવે પ્રભુ સ્વરૂપ,
આ જ વિશ્વ-યજ્ઞ ગણ્યો, પ્રભુ, માત તણો અનૂપ.

# દુર્ગા-સ્તોત્ર

(શ્રી અરવિંદના દુર્ગા-સ્તોત્ર ઉપર આધારિત)

- માન

મા ભવાની, દુર્ગા તું છે, શરીર - દૂર્ગે વસે,
દુર્ગતિનાશિની, દુર્ગમ રાહે, સુગમ કરે અમને.

તારા અંશ, અમે અતિ ઉજ્જવળ, જન્મ્યા આ ભારતે,
તારા કાર્યે, આવ્યા અમે સહુ, પ્રગટ થા આ દેશે.

જુગે જુગે અમે, દેહ ધારંતા, ફરી ફરી આ જગતે,
તારું કાર્ય છે, અમારું વ્રત એ, પ્રગટ થા આ દેશે.

ભારત ભૂમિ પ્રભા આરાધે, પ્રભા રત સદા થશે,
નામ ભારત, તેથી પડ્યું એ, સ્વપ્ન મનમાં વસે.

જીવન-સંગ્રામે દેશ લડતમાં, પ્રાણમાંહિ હવે થશે,
ઉદ્રેક અસુર સમ શક્તિ, ઉદ્યમનો, અસીમ ઉત્સાહ વસે.

પણ હૃદય પ્રદેશે, પ્રભુને ધરતાં, દિવ્ય-બુદ્ધિ વરીએ,
દેવ-ચરિત ને દિવ્ય જ્ઞાનનો, વિજ્ઞાનદીપ ધરીએ.

ભારતજાતિ, ઘન અંધકારે, અટવાતી જીવન વિષે,
તારી આભા, ઉષા પ્રગટતી, જ્યોતિ વિસ્તરતી જશે.

જ્ઞાન, પ્રેમ, શક્તિ તણી આ, દેશ વિભૂતિ થશે,
સુપ્તશક્તિને, જાગૃત કરશે, સુદિન એ ઉગશે.

મહાન ભાવો, મહાન કાર્યો, અમ પ્રતીક્ષા જુવે,
સ્વાર્થનો, ક્ષુદ્ર રસનો, છોડ મોહ તું હવે.

અટ્ટહાસ કરી, આંતર રિપૂનો, વિનાશ તું નોતરે,
વિમળ, નિર્મળ, સહુ બની, ભાવિ-ભાર ખમીએ.

મહત્પ્રયાસી, ઉદારચેતા, સત્ય-સંકલ્પને વરીએ,
સંસારાસક્તિ, આળસ, અક્રિયતા, ભય સાથે હરીએ.

યોગશક્તિમાં મક્કમ થઈ આર્ય સાચા બનીએ,
લુપ્ત વિદ્યાઓ, કલા, શક્તિને ફરી ધારણ કરીએ.

સત્યજ્ઞાન, ભક્તિશ્રદ્ધાનો, પ્રજ્ઞા-દીપ ધરીએ,
મનુ વંશને, બેઠો કરીને, અમર-પંથે અનુસરીએ.

બાહ્ય, આંતર વિઘ્નો તણો, ઘેરો ધ્વસ્ત કરીએ,
પવિત્ર વને, સજલ તટે ને, અદ્રિતલે ઘુમીએ.

દિવ્ય-જીવને, વિજ્ઞાન ક્ષેત્રે, કલા સાહિત્યે રસ ધરીએ,
દુર્ગા ભવાની તવ હાજરી, અહીં અમે ચિર કરીએ.

યોગશક્તિ, તારી પ્રવેશતી, અમ સ્વરૂપે ધરીએ,
અમે યંત્ર, તું ચાલક બનીને, નિમિત્ત તવ બનીએ.

તારું નાશક, કે પોષક વળી, બળ-સ્રોત ધરીએ,
તને સ્થાપી, આ હૃદય ગવ્હરે, આ ગરબો અચલ કરીએ.

ન વિસર્જન, નિત-આવાહન, તવ આત્મપ્રભા ધરીએ,
પ્રેમરજ્જૂથી, બાંધી રાખી, દામોદર કરીએ.

મન, પ્રાણ, તનમાં ધરીને, અલખ આરાધક બનીએ,
અખિલ જીવન, દુર્ગાપૂજા, અખંડ યાગ ધરીએ.

માતૃ-વ્રત આ જીવનભરનું, ઘોષ અમે કરીએ,
પ્રગટ થા મા દુર્ગાભવાની, આ માંગ પદે ધરીએ.

ના પાડીશ મા, બાળહઠ આ, પૂરણ કરી દે હવે,
આ અમસહુની, આર્ત-પ્રાર્થના, નિતનિત અમે વદીએ.

# પૂર્ણ ગુરુ

(પ્રાસંગિક લેખ)

- શ્રી હર્ષદ ઠકરાર

ગતમાસમાં આપણે શિક્ષકદિન ઉજવ્યો તેમજ થોડા સમય પહેલા ગુરુ પૂર્ણિમા પણ ઉજવી. આ ઉત્સવનો હેતુ શું છે ? ગુરુ એટલે શું ? એ બધા પ્રશ્નો માનવને હમેશાં મૂંઝવતા હોય છે.

સૌ પ્રથમ તો આપણે ગુરુની જરૂરિયાત શા માટે છે તે સમજશું. ત્યારબાદ ગુરુ એટલે શું તે સમજવા પ્રયત્ન કરશું. તથા ગુરુ પૂર્ણિમા પણ સમજશું.

પ્રત્યેક જીવાત્મા માનવરૂપે જન્મ લે છે, ત્યારે તે અપૂર્ણ હોય છે. જ્યારે જીવાત્માઓનો મૂળ સ્વભાવ તો પૂર્ણતા પ્રાપ્ત કરવાનો હોય છે. માનવની અંદર રહેલી અપૂર્ણતાને દૂર કરી પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે માનવને હમેશા મદદની જરૂરિયાત રહે છે. માનવ મદદ દ્વારા વિકાસ પામી ઉચ્ચ શક્તિઓ આત્માની શક્તિ પ્રત્યે સભાન બને છે. આ આત્મશક્તિ દ્વારા ચેતનવંત બની માનવ પૂર્ણતા પ્રાપ્ત કરવા સમર્થ બને છે. એટલે કે જીવાત્મા પોતાનો મૂળ સ્વભાવને પામે છે.

માનવની અંદર ચેતનવંતું સામર્થ્ય કોઈ પુસ્તકમાંથી પ્રાપ્ત થતું નથી. પરંતુ માનવનો જીવાત્મા તેના કરતા ઉચ્ચ ચેતનાની અવસ્થા એટલે કે દિવ્યતા પાસેથી પ્રાપ્ત કરી શકે છે. જે રીતે લાકડાની અંદર સુષુપ્ત અવસ્થામાં રહેલ અગ્નિ તત્ત્વ બીજા અગ્નિ દ્વારા પ્રજ્જવલિત થાય છે તે રીતે માનવની અંદર રહેલો જીવાત્મા પ્રભુની કૃપાથી દિવ્યતાને પામે છે.

પુસ્તકોનો અભ્યાસ માનવની અંદર ફક્ત બૌદ્ધિક વિકાસ કરી શકે છે. માહિતી આપી શકે છે; પરંતુ આધ્યાત્મિક વિકાસ તો ફક્ત આધ્યાત્મિક શક્તિ આપી શકે. જે રીતે માચીશમાં રહેલ દિવાસળી દિવાની કે મીણબતીની વાટને પ્રજ્જવલિત કરી શકતી નથી. વાટને પ્રજ્જવલિત કરવા માટે દિવાસળીએ પોતાની જાતને સળગાવવી પડે છે. તે રીતે આધ્યાત્મિક શક્તિથી પ્રજ્જવલિત વ્યક્તિ જ બીજી વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ કરાવી શકે છે.

પુસ્તકોનું અધ્યયન કરતા કરતા કેટલીકવાર માનવ ભ્રમમાં પડી જાય છે. તેને આધ્યાત્મિક સહાય મળે છે. પરંતુ જ્યારે પોતાની જાતનું પૃથક્કરણ કરે છે ત્યારે તેને સમજાય છે કે પુસ્તકોના અધ્યયનથી તેના વિચારોને, બુદ્ધિને સહાય મળે છે, જીવાત્માને નહીં. જ્યારે કોઈ વ્યક્તિએ આધ્યાત્મિક વિષય ઉપર

બોલવાનું હોય છે ત્યારે તે અદ્‌ભુત રીતે બોલી શકે છે, પરંતુ તે જ વસ્તુ જ્યારે તેણે આચરણમાં મુકવાની આવે છે ત્યારે માનવ આચરણમાં મૂકી શકતો નથી. અને આધ્યાત્મિકતા પુરવાર કરવા અસમર્થ પુરવાર થાય છે. કારણ કે પુસ્તકો ચેતનવંતાં નથી, જ્યારે આધ્યાત્મિકતા તો ચેતનવંતી છે. એટલે આધ્યાત્મિક વિકાસ તો ફક્ત ચેતનવંતી સજીવતા જ આપી શકે.

જે ચેતનવંત સજીવન આત્મામાંથી પ્રેરણા આવે છે તેને ગુરુ કહેવામાં આવે છે, અને જે માનવના જીવાત્મામાં પ્રેરણા સંચાલિત થાય છે તે શિષ્યે પણ ગુરુની શક્તિ પ્રાપ્ત કરવાની પાત્રતા કેળવી હશે, તો જ ગુરુની પ્રેરણા એટલે કે શક્તિ પ્રાપ્ત કરી શકશે. જે રીતે ખેતરનું યોગ્ય રીતે ખેડાણ કરવામાં આવેલ ન હોય તો યોગ્ય જીવંત બીજ ઉગવામાં નિષ્ફળ જાય છે, તે રીતે શિષ્યની અંદર યોગ્ય પાત્રતા ન હોય તો ગુરુની શક્તિ કામ કરી શકતી નથી.

જે રીતે ગાડાની છત્રછાયામાં ચાલતો કૂતરો પોતે ગાડાનો ભાર ઉપાડે છે તેવા ભાવ પ્રગટ કરે છે, તે રીતે હાલ સમાજની અંદર આપણે અનુભવીએ છીએ કે પોતાની જાતે સ્થપાયેલા ગુરુ અને પોતાને સર્વોપરી માનવા લાગે છે. આખા સમાજની અંદર એવી પરિથિથતિ ઉત્પન્ન થાય છે કે એક અંધ બીજા અંધનો પથદર્શક બનવાથી બન્ને ખાડામાં પડે છે. જે રીતે ભિખારી દાનવીર બની શકે તે રીતે જેની પાસે આધ્યાત્મિક શક્તિ નથી તેવી વ્યક્તિ ક્યારેય પણ ગુરુ બની શકે નહીં.

આથી માનવને સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે સાચા ગુરુને કઈ રીતે ઓળખવા જોઈએ ? જેમ સૂર્યને જોવા માટે દીવો પ્રગટાવવાની જરૂર નથી, તેમ ગુરુને જોવા માટે દીવો પ્રગટાવવાની જરૂર નથી. જે રીતે સુક્કીભઠ્ઠ ધરતી પહેલા વરસાદ ઘાસની લીલી ચાદર ઓઢી લે છે તે રીતે જીવાત્મા સાચા ગુરુના સંપર્કમાં આવવાથી આનંદથી પુલકિત થઈ ઊઠે છે. સાચા ગુરુને કોઈ પણ પ્રકારના બાહ્ય પ્રકાશની જરૂરિયાત રહેતી ન હોય, તે પોતે જ સ્વયં પ્રકાશિત હોય છે. સ્વયં પ્રકાશિત ફક્ત દિવ્યતા જ છે. એટલે જ તો શ્રી અરવિંદે ગીતા નિબંધમાં શ્રી કૃષ્ણને દિવ્ય ગુરુ અને અર્જુનને માનવ શિષ્ય કહ્યા છે.

દિવ્યગુરુ માનવને જે જ્ઞાન આપે છે તે શબ્દો જોડવાની, અલંકારીક ભાષા બોલવાની કે શાસ્ત્રોની વિદ્વતા નથી. પરંતુ જીવન જીવવાની જીવંત શક્તિ સંચારિત કરે છે.

દિવ્યગુરુ માનવને ત્રિગુણાત્મક અપરા પ્રકૃતિના બંધનમાંથી કઈ રીતે

મુક્ત થઈ પ્રભુના શરણે જવું તેની પ્રેરણા આપે છે. કર્મ, જ્ઞાન અને ભક્તિના સમન્વય દ્વારા માનવ જીવનને કઈ રીતે પૂર્ણ બનાવવું તેનું રહસ્ય આપે છે.

પાંડિત્યથી ભરેલા કહેવાતા ગુરુ રસવાળા વૃક્ષનું પૃથક્કરણ મુળ, થડ, ડાળી; પાંદડા, ફળ વગેરેમાં કરે છે. જ્યારે દિવ્યગુરુ તો સીધો જ ફળનો રસ એટલે કે પરમ તત્ત્વનું રહસ્ય માનવ શિષ્યને આપે છે. જે રીતે શ્રી અરવિંદે અતિમનસ ચેતનાને પાર્થિવ ચેતનામાં ઉતારવાવાળું તપ કર્યું અને સમગ્ર માનવજાતની અંદર અતિમનસ ચેતના કામ કરતી કરી આપી.

દિવ્યગુરુ પોતે જે તત્ત્વોનો બનેલો હોય છે તે જ તત્ત્વોથી માનવને ભરી આપે છે. જે રીતે સમુદ્ર કિનારા ઉપર આવેલા ખાડાઓમાં રહેલ રેતી, કચરો કે અન્ય અશુદ્ધિઓ સમુદ્રનાં મોજાં દ્વારા દૂર થઈને ખાડા સમદ્રના પાણીથી ભરાઈ જાય છે, તે રીતે દિવ્યગુરુ માનવની અંદર રહેલી તમામ અશુદ્ધિઓને દૂર કરી પોતે જે, પરમ તત્ત્વોનો બનેલો છે તેનાથી ભરી આપે છે. એટલે કે માનવને દિવ્ય માનવ બતાવે છે.

પૂર્ણિમાને દિવસે ચંદ્ર પૂર્ણરૂપે સોળે કળાએ ખીલે છે. તે રીતે દિવ્યગુરુ માનવની અંદર રહેલ તમામ અશુદ્ધિઓ, અપૂર્ણતાઓ દૂર કરી તેની અંદર પોતાની દિવ્યતાની સ્થાપના દ્વારા માનવની અંદર પૂર્ણતા સ્થાપિત કરી આપે છે. જે દિવસે માનવની અંદર દિવ્યપૂર્ણતા સ્થપાય છે તે દિવસ માનવ માટે ગુરુ પૂર્ણિમા છે.

---

## અભીપ્સાનાં ત્રિવિધ કાર્યો

(ઊર્ધ્વ ચેતના) અભીપ્સા મુજબ જ બરાબર આવે એવું નથી, પણ તેથી કંઈ અભીપ્સા બિનઅસરકારક બનતી નથી. તે ચેતનાને ખુલ્લી રાખે છે. જે કંઈ આવે તેને વિના વિરોધે તાબે થઈ જવાની તામસિક અવસ્થાને અટકાવે છે, અને ઊર્ધ્વચેતનાના મૂળ સ્રોતો પર એક પ્રકારનું ખેંચાણ ઊભું કરે છે..... **- શ્રી અરવિંદ**

(માધુકરી - ૩૧: મકરન્દ બ્રહ્મા)

# પત્રોત્તર

## અવતાર

(યોગ વિષે પત્રો ભા.-૧ - પેજ ૪૪૫-૪૪૯)

- માન

પૃથ્વીની ચેતના ઉત્ક્રાંતિ દ્વારા જે વિકાસ સાધી રહી છે, તેમાં આવતા અવરોધો (ધર્મસ્ય ગ્લાનિ) હટાવવા પ્રભુ પોતે પોતાનો આવિર્ભાવ અહીં કરે છે. એ હકીકત જ એક મહાન, દિવ્ય અને ગૂઢ ઘટના છે. તેમના સીધેસીધા હસ્તક્ષેપ વગર તમસનો પડદો ચિરાવો શક્ય નથી.

પરમ-ચેતના અથવા પરમાત્મા સમગ્ર બ્રહ્માંડના વિકાસને બહાર રહીને પ્રેરણા આપતા હોય છે અને સાથે સાથે બ્રહ્માંડમાં ઓતપ્રોત થઈને સતત કાર્ય પણ કરતા હોય છે અને છતાં ઉત્ક્રાંતિમાં અવતારની જરૂર પડતી જ હોય છે. જ્યારે કોઈ ખાસ પ્રકારનું કાર્ય પાર પાડવાનું હોય અથવા ઉત્ક્રાંતિની કટોકટી નિવારવી હોય ત્યારે અવતારનો જન્મ થાય છે. ગીતા જણાવે છે કે ઉત્ક્રાંતિમાં અગ્રેસર આત્માઓને મદદ કરવા (પરિત્રાણાય સાધુનામ્) ઉત્ક્રાંતિને અવરોધતા અજ્ઞાનના પરિબળોનો નાશ કરવા (વિનાશાય ચ દુષ્કૃતામ્) અને ઉત્ક્રાંતિના વિકાસ-ધર્મની કુંઠિત અવસ્થા નિવારવા (ધર્મસ્ય ગ્લાનિ) પરમ-પ્રભુ પોતે જ અવતાર ધારણ કરે છેઃ

આ ઉપરથી બે વસ્તુ તારવી શકાય છેઃ

(૧) અવતારની ઘટના ઉત્ક્રાંતિ સાથે સંબંધિત છે.

(૨) પોતાનું કાર્ય કરવા પરમ-ચેતનાને પોતાની આધ્યાત્મિક-ઊંચાઈએથી નીચે ઉતરીને (અવતાર પામીને) ભૌતિક-શરીર ધારણ કરવું પડે છે.

આ ભૌતિક શરીર માનવનું જ હોવું જોઈએ એવું નથી. તે ઉત્ક્રાંતિના તબક્કામાં અગ્રેસર પ્રાણીનું હોવું જોઈએ. તેથી જ ભારતીય પરંપરાનુસાર મત્સ્ય, કુર્મ, વરાહ, નારસિંહ આ માનવેતર શરીરો ધારણ કરતાં અવતારોને દર્શાવ્યા છે.

દશાવતારની કલ્પના એ ખરેખર ચેતનાના વિકાસના તબક્કાની નિર્દેશક છે. દા.ત.

(૧) **મત્સ્ય :** જળચર જંતુઓના વિકાસનો તબક્કો.

(૨) **કુર્મ :** જળચર / સ્થળચર ઉભયચર જંતુઓનાં વિકાસનો તબક્કો
(૩) **વરાહ :** ચો પગા પ્રાણીઓના વિકાસનો તબક્કો
(૪) **નરસિંહ :** વનમાનુષના વિકાસનો તબક્કો
(૫) **વામન :** માનવ વિકાસનો તબક્કો
(૬) **પરશુરામ :** પ્રાણમય પુરુષના વિકાસનો તબક્કો
(૭) **રામ :** મનોમય પુરુષના વિકાસનો તબક્કો
(૮) **કૃષ્ણ :** ચૈતસિક ક્ષર પુરુષના વિકાસનો તબક્કો
(૯) **બુદ્ધ :** અક્ષર નિરાકાર ચેતનાનો ધારક પુરુષનો તબક્કો
(૧૦) **કલ્કિ :** પુરુષોત્તમ ચેતનાના ધારકપુરુષનો તબક્કો.

અવતારની કલ્પના સમજવા માટે વિભૂતિની કલ્પના પણ સમજી લેવી જરૂરી છે. વિભૂતિ એટલે વિશેષ ભૂતિ અર્થાત ચેતનાનો વિશેષ પ્રકારનો આવિર્ભાવ. અવતાર ઉત્ક્રાંતિનો નવો તબક્કો નિર્માણ કરે છે. જ્યારે વિભૂતિ અવતારે નિર્માણ કરેલા તબક્કાને વધારે પૂર્ણતા બક્ષે છે. ઘણી વખતે એવું બને છે કે એક જ ચેતના પ્રથમ વિભૂતિ તરીકે જન્મ લઈને કાર્ય કરે છે પણ તે જ જન્મે અંતે અવતારની કક્ષાએ પણ પહોંચી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણને ગીતામાં વિભૂતિ તરીકે વર્ણવી છે (વૃષ્ણિનામ્ વાસુદેવઃ) પરંતુ ભારતીય પરંપરામાં તેમને અવતાર તરીકે ગણેલ છે અથવા એવી પણ ઘટના શક્ય છે કે પૂર્વેના જન્મમાં કોઈ વિભૂતિ તરીકે કાર્ય કરે છે પણ પાછળનાં જન્મમાં તે અવતાર પદને પ્રાપ્ત કરી લે છે. ઘણી વખત ઉત્ક્રાંતિની નાની એવી મડાગાંઠ ઉકેલવા અવતારને બદલે વિભૂતિને પણ મોકલી આપવામાં આવે છે.

અવતારનું આંતરિક રહસ્ય એ છે કે તે વ્યક્તિ આંતરિક રીતે પોતે પરમ-ચેતના સાથે એકરૂપતા અનુભવતી હોય છે અને તેને કારણે ઉત્ક્રાંતિની મડાગાંઠ ઉકેલવાની ક્ષમતા તેમાં પ્રગટ થએલી હોય છે. બાહ્ય જીવનમાં તે સામાન્ય માનવી કે માનવેતર જીવન જીવતો હોય છે પણ તેને કારણે તેનું અવતારત્વ ઓળખનારા બહુ ઓછા હોય છે. સામાન્ય પરિચિત લોકો તેને એક વિશેષ કે વધારે ક્ષમતા ધરાવતો પુરુષ સમજે છે એટલું જ. ભગવાન શ્રીકૃષ્ણને તેમની હયાતીમાં અવતાર તરીકે ઓળખનારા વિદુર, ભીષ્મ વ્યાસ જેવા ગણ્યાગાંઠયા જ હતાં. ઊલટાનું તેઓ અવતાર નથી એવું માનનારા શિશુપાલ જેવા પણ હતા.

ભગવાન શ્રીકૃષ્ણે અધિમનસ-ચેતનાને માનવ શરીર દ્વારા પ્રગટ કરવાની

ક્ષમતાને વાસ્તવિક બનાવી હતી. તેમનું ગીતાના અગિયારમા અધ્યાયનું વિરાટ સ્વરૂપનું દર્શન આ વસ્તુ સિદ્ધ કરે છે. તેમણે વૈશ્વિક-ચેતનાને માનવ-શરીર દ્વારા પ્રગટ કરવાની ક્ષમતા વિકસાવી હતી. વૈશ્વિક-ચેતના જ વિવિધ-શક્તિઓ તરીકે કાર્ય કરતી હોય છે અને આવી દરેક વૈશ્વિક-શક્તિનું પોતાનું એક ખાસ દૈવી-સત્ત્વને જ દેવો કહે છે. આવા દેવતાઈ જગતને જ શ્રી અરવિંદ અધિમનસ કહે છે. સારાંશ અધિમનસ ચેતનાને માનવ-શરીર દ્વારા પ્રગટ કરવાની ક્ષમતા શ્રીકૃષ્ણે વિકસાવી હતી.

કલ્કિ અવતાર બાબત બહુ વિગતો મળતી નથી. પણ તે ભવિષ્યનો અવતાર ગણાય છે. તેના પ્રતીક તરીકે એક ઘોડેશ્વાર યોદ્ધાનું પ્રતીક યોજ્યું છે. તેનો અર્થ કદાચ એવો હોય કે વૈશ્વિક પ્રાણશક્તિનો ઉપયોગ કરીને તે ઉત્ક્રાંતિની મડાગાંઠ ઉકેલશે.

કલ્કિ શબ્દમાં ‘કલ્ક’ શબ્દ છે જેનો અર્થ છે ‘ખરલ’ જે આયુર્વેદમાં ચૂર્ણ કે પિષ્ટી (ભૂકો) કરવા વપરાતું સાધન છે. પૃથ્વી ઉપર વિવિધ પ્રદેશોમાં વિવિધ રાષ્ટ્રો વિકાસ પામ્યા છે. દરેક રાષ્ટ્રે એક એક ખાસ પ્રકારનું સત્ય ધારણ કરી રાખેલ છે. ભારતની પહેચાન અધ્યાત્મ છે તો બ્રિટનની સુરાજ્ય વ્યવસ્થા. અમેરિકાનું વ્યક્તિ સ્વાતંત્ર્ય તો ફ્રાન્સની સૌંદર્ય કલાત્મક દૃષ્ટિ. ઈટલીની વ્યવહારુતા તો રશિયાની સમાનતા અને શ્રમ મહાત્મ્ય. જાપાનની સુસંસ્કૃતતા તો ચીનની સામર્થ્ય. પણ આ રાષ્ટ્રોના હિતસંબંધોનો સંઘર્ષ વૈશ્વિક માનવતાના વિકાસમાં અવરોધરૂપ બનશે ત્યારે બધા રાષ્ટ્રની આ અલગતાને નષ્ટ કરી બધાને એકરૂપ કરવાનું કપરું કામ કલ્કિ અવતાર પોતાની પ્રચંડ-સંકલ્પ બળથી કરી બતાડે તો તે એક શક્યતા જરૂર છે.

વિષ્ણુ પુરાણમાં અવતારોની યાદી આપવામાં આવી છે અને બધાને વિષ્ણુના અવતાર ગણવામાં આવ્યા છે. વિષ્ણુનો અર્થ બધામાં પ્રવેશીને રહેલી (વિશતે ઈતિ વિષ્ણુ) ચેતના અર્થાત્ વિશ્વ-ચેતના. વિશ્વ - ચેતનામાંથી જ અવતારો નીચે અવતરણ પામતા હોવાથી બધા વિષ્ણુના અવતાર છે એમ કહેવું સયુક્તિક છે.

અવતારે સમાજમાં કોઈ મહત્ત્વનું સ્થાન ધારણ કરેલું હોવું જ જોઈએ તેમ નથી. તેનામાં ઉત્ક્રાંતિની મડાગાંઠ ઉકેલવાની ક્ષમતા હોવી જરૂરી છે. એટલું જ બસ છે. તે સામાજિક રીતે કદાચ મોટા હોદા ઉપર ન પણ હોય. તેમજ અવતાર આધ્યાત્મિક ચેતના ધરાવતી વ્યક્તિ જ હોવી જોઈએ તેવું પણ નથી. મત્સ્ય,

કુર્મ, વરાહ જેવા અવતારોમાં હજી મનોમય-ચેતના પણ વિકાસ પામી નહોતી ત્યાં અધ્યાત્મિક-ચેતનાના વિકાસની તો વાત જ ક્યાં આવે છે ? પણ તેને આંતરિક રીતે પરમ-ચેતનાનો સ્પર્શ જાણતા કે અજાણતા મળવો જ જોઈએ એ જરૂરી છે. અવતારોમાંના પ્રથમ અવતારોમાં કદાચ પરમ-ચેતનાનો સ્પર્શ અભાન રીતે મળ્યો હોવાની શક્યતા છે પણ પાછળના અવતારોમાં તે વધારે ને વધારે સભાન બનેલો જણાય છે અને તેને કારણે તેની ચેતના વધારે ને વધારે આધ્યાત્મિક બનતી પણ જણાય છે.

શ્રી અરવિંદ અવતારની બે લાક્ષણિકતાઓ દર્શાવે છે : (૧) પરમ-ચેતના જ્યારે માનવ-ચેતના મારફત પ્રગટ થાય છે ત્યારે માનવની અજ્ઞાનમય રૂઢી પરંપરાઓની દરકાર કરતી નથી. તે બંધનોથી મુક્ત થઈને જ પ્રગટ થાય છે. દા.ત. રામે વાલીનો છળકપટથી વધ કર્યો અથવા સીતાનો વિનાપરાધ ત્યાગ કર્યો. શ્રીકૃષ્ણે ખોટું બોલીને, બોલાવીને, છળકપટ કરાવીને પણ પાંડવોને જય અપાવ્યો છે. આવા વર્તનોને નૈતિક રૂઢીઓથી મૂલવવા અયોગ્ય છે. તેના પરિણામે ઉત્ક્રાંતિની મડાગાંઠ ઉકલી ગઈ એ મહત્ત્વનું છે (૨) અવતારમાં રહેલી પરમ-ચેતના ઊર્ધ્વમાંના કોઈ સત્યને માનવી જીવનમાં સ્થાન આપવા સક્રિય બનેલી હોવાથી નિમ્ન જગતની પરિસ્થિતિમાં જે કોઈ શીઘ્ર પરિણામદાયી માર્ગ જડે છે, તેને અનુસરે છે નહિ કે માનવ-ચેતનાના આદર્શો કે ક્ષમતાઓને કે માન્યતાઓને. અવતારી પુરુષમાં પ્રસંગે અસાધારણ ક્ષમતા પણ પ્રગટતી દેખાય છે.

## પ્રભુપ્રેમની વિશેષતા

તમે પ્રતિકૂલ સંજોગોમાં અટવાઈ પડો તેને પ્રભુની કસોટી તરીકે ન સમજતા - એની પાછળ પણ પ્રભુ જ તમને પ્રેમ કરે છે. તમારી અંદર જે શક્તિઓ છુપાયેલી પડેલી છે, તેને બહાર લાવવાનું કાર્ય પ્રભુ પ્રતિકૂલ સંજોગો દ્વારા જ કરે છે. -**શ્રી અરવિંદ**

(યોગમાં સહયોગ - ૪૪ - શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી)

# યોગેશ્વરનો યોગ

પ્રકરણ-૨

## ચૈત્યપુરુષનું સ્વરૂપ

(અ.૨.શ્લોક ૧-૨૫)

- માન

શ્રીકૃષ્ણને અર્જુનનો વિષાદ જોઈને આશ્ચર્ય થયું. તેઓ બોલ્યાઃ

''અર્જુન, આ કસમયે (વિષમે-૨/૨) ક્યાં તું વિષાદમાં ડૂબી ગયો ? આને કારણે તારી કીર્તિ ઝંખવાશે. (અકીર્તિકર-૨/૨) સંસ્કારી આર્યને આ વસ્તુ શોભા દેતી નથી. (અનાર્ય-૨/૨) તારા જીવનની સદ્‌ગતિને આ અવરોધશે (અસ્વર્ગ્યમ્-૨/૨). ખરેખર આ કાયરતા જ છે. હ્રદયની દુર્બળતા જ છે.''

''પણ હે સખા, હું પૂજનીય (પૂજાર્હા-૨/૪) ગુરુજન ઉપર પ્રહાર કેવી રીતે કરું ? ગુરુહત્યાનાં પાપ કરતા ભિક્ષા માગવી સારી. (ભૈક્ષ્યમપિ-૨/૫) ગુરુજનનાં રક્તલાંછિત ભોગો મારે શું કામનાં ? (રુધિરપ્રદિગ્ધાન્-૨/૫) હું એ પણ જાણતો નથી કે મારે યુદ્ધ કરવું જોઈએ કે ન કરવું જોઈએ (ન ચ એતદ વિદ્મ-૨/૬) જીતશું કે હારશું એ પણ જાણતો નથી. આત્મીય-જનોને મારીને જ જીત મળશે. એવી જીત શા કામની ? હું ખરેખર મૂંઝાઈ ગયો છું. મારો સ્વધર્મ શું છે તે બાબત સંભ્રમમાં છું (ધર્મ સંમૂઢચેતાઃ ૨/૭) મને કલ્યાણરૂપ માર્ગ દર્શાવો. (શ્રેયં-૨/૬) હું આપના શરણે આવેલો શિષ્ય છું. મારો શોક નિવારવાનો મને માર્ગ દર્શાવો.'' (શિષ્યસ્તેહમ - ૨/૭)

''અર્જુન, જેમના માટે શોક કરવો યોગ્ય નથી તેમના માટે જ તું શોક કરી રહ્યો છે. (અશોચ્યાનન્વ શોચસ્ત્વમ્ - ૨/૧૧) તું જ્ઞાની હોવાનો ડોળ જ કરી રહ્યો છે (પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષશે - ૨/૧૧) વિવેકી પુરુષો તો જીવતા કે મૃત કોઈ માટે શોક કરતા જ નથી. (ગતાસૂનગતસૂંશ્ચ - ૭/૧૧) અને આપણે બધા પહેલા પણ હતાં અને ભવિષ્યમાં પણ રહેવાનાં જ છીએ. કદાચ શરીર બદલવાથી રંગરૂપ બદલાય છે, નામ બદલાય છે, કુટુંબ બદલાય છે, દેશ બદલાય છે, પહેરવેશ બદલાય છે, ધર્મ બદલાય છે પણ અર્જુન, ચેતના તો એ જ હોય છે. તેણે ગત જન્મ કરતાં થોડોક વિકાસ કરેલો હોય છે. નવો સ્વભાવ ધારણ કરેલો હોય છે. આ ચેતનાને જ ચૈત્યપુરુષ કહે છે. કારણ તે ચિત્ત દ્વારા પ્રગટ થતી હોય છે. ચૈત્યપુરુષ જન્મ મરણનાં ફેરામાં ફરી તબક્કાવાર વિકાસ સાધતો હોય છે.

સારાંશઃ અર્જુન ! કૌરવો, પાંડવો અને આ બધાં જ પહેલાં પણ જન્મેલા અને

મરણ પામેલાં. આ વખતે પણ જન્મ લીધો છે. નિયતિ અનુસાર મરશે અને ફરી જન્મ લેશે. દરેક ચૈત્યપુરુષની નિયતિ હોય છે. તેને તે ચૈત્યપુરુષ પોતે જ પ્રભુકૃપાથી બદલી શકે છે. તે ચૈત્યપુરુષ અનુભવાતા સુખદુઃખોમાં આપણા જેવા નિમિત્ત બને છે. પણ તે પેલા ચૈત્યપુરૂષની નિયતિ અનુસાર જ. તેથી આ યુદ્ધમાં કદાચ તું કૌરવો કે તેના પક્ષનાં દ્રોણભીષ્માદિના મૃત્યુનું નિમિત્ત બને તો પણ તેમાં તારે શોક કરવાનો ન હોય.

શરીરને જેમ બાળપણ, યૌવન, ઘડપણ આવે છે (દેહિનોસ્મિન્ કૌમારં યૌવનં જરા - ૨/૧૩) તેમ ચૈત્યપુરુષને પણ સ્વાભાવિક રીતે જીવનકાળમાં સુખદુઃખો આવવાનાં જ છે. તેની ઈન્દ્રીયો સંવેદનો દ્વારા સુખદુઃખો નિર્માણ કરવાની જ છે. તેમાંથી છુટવાનો એક જ માર્ગ છે અને તે છે સુખદુઃખો પ્રત્યેની સમતા. (ન મુહ્યતિ - ૨/૧૩) ચૈત્યપુરુષ સમતામાં રહેતા શીખશે તો સુખદુઃખોની તીવ્રતા સહન કરી શકાશે. સમતાથી સહનશીલતા વધે છે. સુખદુઃખોથી ઉપર ઉઠવાથી જ વ્યક્તિની આધ્યાત્મિક પ્રગતિ થઈ તે મોક્ષનો અધિકારી બને છે. (અમૃતત્વાય કલ્પતે - ૨/૧૫) મોક્ષ એ કાંઈ મરણબાદની સ્થિતિ નથી. સુખદુઃખો અને વિકારોમાંથી છૂટકારો એ જ મોક્ષ છે. એ જ મુક્તિ છે. આપણા ચૈત્યપુરુષના સાચા દિવ્ય-સ્વરૂપને ઓળખી તેની વિકાસની દિશાનુસાર જીવન જીવાશે તો પોતાની મેળે સંઘર્ષ અને પરિણામે દુઃખોમાંથી છુટકારો મળશે. ચૈત્યપુરુષ પોતે વ્યક્તિએ પોતાની બુદ્ધિથી લીધેલા ખોટા નિર્ણયથી તે વ્યક્તિને પરાવૃત્ત કરવા અવરોધો રચે છે. સંઘર્ષ નિર્માણ કરે છે. આવી ઘટના ટાળવા ચૈત્યપુરુષમાંથી આવતી આંતરપ્રેરણાઓને અનુસરવાની ટેવ કેળવવી જરૂરી છે. તે માટે આપણા મન, પ્રાણ, શરીરને કેળવવા જરૂરી છે. તે જ સાધનાનો હેતુ છે.

ચૈત્યપુરુષ આપણા વિનાશી શરીરમાંનું સનાતન તત્ત્વ છે. (અવિનાશી - વિદ્ધિ - ૨/૧૭) તે પ્રકાશમય દિવ્યતત્ત્વ છે. અર્જુન, તને તર્કથી ચૈત્યપુરુષની સનાતનતા સમજાવી નહિ શકું. તર્કથી સમજાવી શકતો નથી, તે માટે જ તેને 'અપ્રેમેય' (૨/૧૮) કહું છું. બુદ્ધિથી ઊર્ધ્વમાં રહેલ આ સત્ય છે, તેથી બુદ્ધિ સમજાવવામાં ટૂંકી પડે છે. પણ તેની સનાતનતાની ખાત્રી આંતરિક રીતે દરેક જણ મેળવી શકે છે (અનાશિનો - ૨/૧૮) યોગીઓ તને આની ખાત્રી આપશે. ચૈત્યપુરૂષ સનાતન હોવા છતાં તેણે ધારણ કરેલા શરીરો હાલના તબક્કે નાશવંત છે. (અંતવંત ઈમે દેહાઃ ૨/૧૮) તેથી આ યુદ્ધમાં શરીર હણાશે. ચૈત્યપુરુષ નહિ. તેની તું ખાત્રી રાખ. જે એમ સમજે છે કે ચૈત્યપુરુષ હણાય છે તે ખરેખર અજ્ઞાની જ

છે. (ન વિજાનીતો - ૨/૧૯) ચૈત્યપુરુષનું શરીર જન્મે છે. ચૈત્યપુરુષ જન્મતો નથી. તેનું શરીર મરે છે, ચૈત્યપુરુષ મરતો નથી. (ન જાયતે મ્રિયતે ૨/૨૦) જેમ કોઈ વ્યક્તિ જૂનાં વસ્ત્રો કાઢી નાખે અને નવા પહેરે તેમ ચૈત્યપુરૂષ પણ જુનુ જર્જરિત શરીર ત્યાગે છે અને નવું ધારણ કરે છે (વસ્ત્રાણિ જીર્ણાનિ યથા વિહાય - ૨/૨૨)

આ ચૈત્યપુરુષ ચેતન સ્વરૂપ છે. તેને શસ્ત્રો છેદી શકતા નથી. અગ્નિ બાળી શકતો નથી. જળ ભીંજવી શકતું નથી. પવન સૂકવી પણ શકતો નથી. બાહ્ય પરિસ્થિતિ તેની સનાતનતાની કાંકરી પણ ખેરવી શકતી નથી.

અર્જુન, ચૈત્યપુરુષ એ એક આવિર્ભાવ કેન્દ્ર છે. પરમ-ચેતનાને અનંતરૂપે પ્રગટ થવા જે અનંત આવિર્ભાવ કેન્દ્રો રચાયાં તે ચૈત્યપુરુષો જ છે. આ આવિર્ભાવની પ્રક્રિયામાં પરમ-આત્મા ત્રણ તબક્કા ધારણ કરે છે. પહેલો તબક્કો પરમ-આત્માનો છે જે અવ્યક્ત શુદ્ધ ચેતના સ્વરૂપ છે. તેમાં સંકલ્પ બળે આકાર, ગુણ, રંગરૂપ ધારણ કરવાની ક્ષમતા છે પણ તેનો સંકલ્પ હજી જાગેલો હોતો નથી. આને જ પુરુષોત્તમ કહે છે. શા માટે તે પછી ક્યારેક જણાવીશ. બીજા તબક્કામાં પરમ-આત્મા સંકલ્પ નિર્માણ કરે છે અને તેથી તે સંકલ્પાનુસાર તેના અનંત-અંશો તે સંકલ્પને પોતામાં ધારણ કરતાં થાય છે. આવી રીતે સંકલ્પ - ધારણ કરનાર અંશોને જ 'જીવાત્મા' કહે છે. તે જીવન-નિર્માણ કરવાનો મૂળ પાયો અને આધાર બની જાય છે. પણ પોતે જીવનમાં પ્રવેશતો નથી પણ જીવનને પ્રભુના સંકલ્પનો આધાર આપે છે, તેથી તેને અક્ષર-પુરુષ પણ કહેવાય છે. અક્ષર એટલે જીવનની ઘટમાળમાં ન ઉતરેલો પુરુષ, ત્રીજા તબક્કામાં જીવાત્માએ ધારણ કરેલ સંકલ્પ સક્રિય બને છે, તેથી તેમાંથી પ્રકાશ અને નાદ સતત ઉત્સર્જીત થવા લાગે છે. જીવાત્મા તે પ્રકાશ અને નાદને ધારણ કરનાર અને તે અનુસાર જીવન રચનાર એક કેન્દ્ર રચે છે. તે જ ચૈત્યપુરુષ. ચૈત્યપુરુષ તે પ્રકાશમાંથી પોષણ મેળવે છે. તે નાદમાંથી પોતાના વિકાસ માટેની દિશા અને પ્રેરણા મેળવે છે. તે સતત વિકાસ પામતો હોવાથી તેને ક્ષરપુરુષ કહે છે. આ ત્રણેને આત્મા જ કહેવાય છે પણ તફાવત જણાવવા તેમને ક્રમશઃ પરમ-આત્મા, જીવ-આત્મા અને આત્મા (અથવા જીવ) આ ત્રણ શબ્દો દ્વારા વ્યક્ત કરાય છે. આ ત્રણે કક્ષાના આત્મા સનાતન જ છે, નિત્ય છે, અને આ જ દરેક માનવમાંનું સાર તત્ત્વ છે તેથી તને કુળહત્યાનો દોષ લાગશે એવો ખોટો ભ્રમ સેવીશ નહિ.''

શ્રીકૃષ્ણે આત્મતત્ત્વની થોડીક સમજણ આપીને અર્જુનને અધ્યાત્મ તરફ વાળવાનો પ્રયત્ન આદર્યો.

# બાળ-વિભાગ

(શ્રી માતાજીની સુંદર કથાઓ પેજ ૧૭ - ૨૮)

- માન

## હિંમતના પ્રકાર

મમ્મીએ વાર્તા શરૂ કરી :''બેટા તને હિંમતની વાત કરું.''

- લંકાના રાજા રાવણે રામની પત્ની સીતાનું હરણ કરીને તેને અશોકવાટીકામાં નજર કેદમાં રાખેલી. સીતા-સ્વયંવરમાં રાવણની જે ફજેતી થએલી અને રામનો વિજય થઈ સીતા મળેલી, તેનો તેને બદલો લેવો હતો. પણ રામે વાનરોની સેના સાથે સમુદ્રની પેલે પાર પડાવ નાખતાં જ રાવણ ધ્રૂજી ઉઠ્યો. તેને આવી કલ્પના નહોતી, ખુશામતખોર દરબારીઓ રાવણને ઘેરી વળ્યા અને કહેવા લાગ્યા, ''હે મહારાજા, તમે તો દેવોને જીતી લીધા. રાક્ષસોના સમ્રાટ. આ નબળા ભિખારી માનવથી અને જંગલી વાનરોથી તમને ડર શાનો ? અરે જોતજોતામાં આપણી સેના તેમનો નાશ કરશે. તમારે તો યુદ્ધ મેદાનમાં આવવું પણ નહિ પડે.''

રાવણનો અહંકાર ફુલાણો, ખુશામતીયા ચાલ્યા ગયા પછી રાવણના નાનાભાઈ વિભીષણ આવ્યા. તેઓ રાવણને વંદન કરી નમ્રતાથી બોલ્યા, ''મોટાભાઈ, રામ સામાન્ય માનવ નથી. અને બીજું તમારું કૃત્ય પણ અનૈતિક છે. પરસ્ત્રીનો મોહ રખાય નહિ. તમે સન્માન સાથે સીતાને પાછા મોકલી રામ સાથે મૈત્રી કરી લો. તેમાં જ આપણા રાક્ષસકુળનું અને આપણા રાજ્યનું હિત છે.''

રાવણને આ સલાહ જરા પણ ગમી નહિ. તેને ગુસ્સો આવ્યો. વિભીષણનું અપમાન કરી લાત મારીને વિભીષણને કાઢી મૂક્યો તો પણ વિભીષણ શાંત રહ્યા.

ક્રૂર અને અહંકારી રાજાને સાચી સલાહ આપવા ખૂબજ માનસિક હિંમતની નૈતિક જરૂર પડે છે, જે વિભીષણે બતાડી.

આવી જ હિંમત હજરત મુસાએ યહુદીઓને અત્યાચારમાંથી બચાવવા ઈજિપ્તના રાજા ફરોહા સામે દર્શાવેલી. હજરત મહંમદ પૈગંબરે પણ આવી જ નૈતિક હિંમત અરબસ્તાની જંગલી, ક્રૂર, અરબ જમાતોને ધર્મ શીખવવા દર્શાવેલી. આવી જ હિંમત જીજસ ક્રાઈસ્ટે જેરૂસલેમના પંડિતોના ભ્રષ્ટાચાર અને ધાર્મિક અંધ શ્રદ્ધાઓ અને રોમના રાજા સામે દર્શાવેલી.

નૈતિક હિંમત પણ શાંત, સ્થિર અને શિસ્તબદ્ધ હોવી જરૂરી છે. ઉશ્કેરાઈને

નૈતિક હિંમત દર્શાવવી એ એક પ્રકારની નબળાઈ જ છે. શાંત, નૈતિક હિંમતનો પ્રકાર કેવો હોય છે તે બેટા, તું જાણે છે ? ''

''ના મમ્મી''

''તો લે સાંભળ.''

અલમોડાનું રાજ્ય પહાડી પ્રદેશમાં છે. એક વખત તે રાજ્ય ઉપર શત્રુઓએ ચડાઈ કરી. અલ્મોડાના રાજાએ સૈન્યમાં યુવાનોની ભરતી કરી. તેમને યુદ્ધનું શિક્ષણ આપ્યું. તેમને ઢાલ અને તલવારો આપી. પછી લશ્કરને આજ્ઞા કરીઃ ''આગે કૂચ'' યુવાનોએ મ્યાનમાંથી તલવારો કાઢી. હવામાં વીંઝી અને ગર્જના કરીઃ '' અમે તૈયાર છીએ.'' રાજા બોલ્યો ''ઠહેરો''. સૈન્યમાં સોપો પડી ગયો.

રાજા બોલ્યા ''તમે બધા નકામા છો. તમારી શક્તિ તો ઉશ્કેરાટમાં જ ખૂટી જશે. યુદ્ધ વખતે તમે થાકેલા હશો તો તમે વિચારી જ નહિ શકો. તમે મારા કામના નથી.'' રાજાએ બધાને છૂટા કરી દીધા.

સાચો શૂર બડાઈ મારતો નથી. તે કાર્ય દ્વારા જ શૂરતા દર્શાવે છે. સામૂહિક હિંમત માટે તો શૂરોએ વધારામાં શિસ્તમાં રહેવું પડે છે.

''શિસ્તબદ્ધ હિંમતની એક વાર્તા છે. બેટા, તારે સાંભળવી છે ?''

''હા મમ્મી'' મમ્મીએ એક સત્ય ઘટના કહીઃ '' ૧૯૧૦નાં માર્ચ મહિનાના અંતમાં એક સ્કોટલેંડનું પ્રવાસી જહાજ ઓસ્ટ્રેલિયાથી કેપ ઓફ ગુડ હોપ તરફ જઈ રહ્યું હતું. નીલ સમુદ્ર શાંત હતો. ત્યાં ઓસ્ટ્રેલિયાના પશ્ચિમ-કિનારાથી હજી છ માઈલ જ પ્રવાસ કર્યો હતો ત્યાં તે જહાજ એક ખડક સાથે ટકરાયું. જહાજમાં બાકોરું પડ્યું. પાણી ભરાવા લાગ્યું. ભયજનક ભુંગળા વાગ્યાં. પ્રવાસીઓ અને ખલાસીઓ સાબદા થયા.

બધા ખલાસીઓ શિસ્તબદ્ધ રીતે કેપ્ટનની સૂચનાનુસાર શાંતિથી પોતપોતાનું કામ કરવા લાગ્યાં. તેમણે જહાજમાંથી લાઈફ બોટો દોરડીથી સમુદ્રમાં ઉતારી. પ્રવાસીઓએ શાંતિથી લાઈન કરી. એક એક જણ લાઈનમાં રહી લાઈફ બોટમાં ઉતરવા લાગ્યાં. પહેલાં બાળકો, પછી સ્ત્રીઓ, પછી વદ્ધો, અંતે યુવાનો બધા જ બચાવ - પટ્ટા પહેરીને તૈયાર જ હતાં.

ત્યાં... એક આંધળા માણસને તેનો નોકર દોડતો ત્યાં લાવતો દેખાયો. બધાએ કોઈપણ શબ્દ ઉચાર્યા વગર તેને જગ્યા કરી આપી. અને તેને પ્રથમ લાઈફ બોટમાં ઉતાર્યો. બધા ઉતરી ગયાં પછી ખલાસી ઉતર્યા. છેલ્લે કેપ્ટન પોતે ઉતર્યો.

તેણે જહાજને સલામી આપી. જહાજ હાલકડોલક થતું ડૂબી ગયું. પણ બધા પ્રવાસીઓ અને ખલાસીઓ બચી ગયાં હતાં.

''આવી નૈતિક - હિંમત કરતાં આત્માની માંગણીને અનુસરવાની હિંમત વધારે શ્રેષ્ઠ છે તેનો ગૌતમબુદ્ધના જીવનમાં એક પ્રસંગ છે. બેટા સાંભળીશ?''

''હા મમ્મી''

''એક વખત ગૌતમબુદ્ધ વિહાર કરતા કરતા એક નદી કિનારેના ગામડા પાસે આવી પહોંચ્યા. પોતે આ કિનારે હતા. ગામના લોકો નદીના સામા કિનારે. ગૌતમબુદ્ધને લાગ્યું કે પોતે તેમને ધર્મ સમજાવવો જ જોઈએ. પણ નદી ઊંડી દેખાતી હતી. તેથી તેઓ નદી કિનારેના એક તોતીંગ ઝાડની ડાળી ઉપર ચડી બેઠા અને ત્યાંથી મોટેથી ધર્મ સંદેશ આપવાની શરૂઆત કરી. લોકો શાંતિથી સાંભળતા રહ્યા. પછી આપસમાં ચર્ચા કરતા વિખેરાઈ ગયાં. કોઈ ગૌતમ તરફ ફરક્યું પણ નહિ. તેમને ધર્મમાં વિશ્વાસ બેઠો નહોતો. પણ ગૌતમ શાંત રહ્યા.

ત્યાં એક વ્યક્તિ નદી ઓળંગીને ભીના કપડે થાકેલીપાકેલી પહોંચી અને ધર્મનો ઉપદેશ આપવા વિનંતી કરી. ગૌતમે તેને ધર્મ સમજાવ્યો.

ગૌતમે તે રાત્રે ધર્મ-ચર્ચામાં શિષ્યોને કહ્યું, ''મરઘી બધા જ ઈંડા સેવે છે. પણ ચિંતા કરતી નથી કે કેટલાં બચ્ચાં જીવશે અને કેટલા મરશે. ખેડૂત ખેતરમાં અસંખ્ય દાણા વાવે છે, પણ ચિંતા કરતો નથી કેટલા ઉગી નીકળશે. તેમ જ્યારે આત્માનો અવાજ વિવેકથી અન્યોને જણાવતા હો ત્યારે તેના પરિણામની કોઈ અપેક્ષા ન રાખો. તમારું કામ છે, સાચો ધર્મ સમજાવવો. પછી કુદરત પોતાનું કામ ઉપાડી લેશે. આ માટે આત્માની હિંમતને કેળવો. ધર્માચરણની હિંમત કેળવો. આપણે એટલું જ બસ છે. બીજાને હિંમત આપો. તેમને પ્રેરણા આપો. તેઓ યશસ્વી થશે જ એવો આત્મવિશ્વાસ જગાઓ. એક દીપ બીજાને જલાવી શકે છે. બસ ''દીપસે દીપ'' જલાએ જા.''

મમ્મી શાંત થઈ ગયાં. પોતાના પુત્ર તરફ તે મૌન રહી તાકી રહ્યાં હતાં.

પુત્ર બોલ્યો, ''મમ્મી, હું બધા જ પ્રકારની હિંમત કેળવીશ. મારે પણ આ બધાની જેમ શૂરવીર થવું છે. શૂરવીર અને શાંત, શૂરવીર અને શિસ્તબદ્ધ, શૂરવીર અને નિરપેક્ષ...

મમ્મીએ સામે હાથ ધર્યો, ''પ્રોમીસ?''

''હા મમ્મી, પ્રોમીસ.''

# વૈદિક વિજ્ઞાન

## વૈદિક વિદ્યાઓ

પ્રકરણ-૩ - (ગતાંકથી ચાલુ)

(યાજ્ઞવલ્ક્યની વાજસનેયી વિદ્યા)

- માન

**પયઃ પૃથિવ્યા પય ઓષધિષુ**
**પયો દિવ્યન્તરીક્ષે પયો ધાઃ।**
**પયસ્વતીઃ પ્રદિશઃ સન્તુ મહયમ્॥ યજુ ૧૮/૩૬**

મારા ભૌતિક શરીરમાં તે દિવ્ય પ્રકાશ પ્રવાહિત થાય (પયઃ પૃથિવ્યાં)

તે પ્રવાહિત દિવ્ય-પ્રકાશ (પયઃ) મારા બુદ્ધિમાં ઊગી નીકળે (ઔષધિષુ = ઉષા+ધિષુ તે પ્રવાહિત દિવ્ય-પ્રકાશ (દિવ્ય-પયઃ) મારા શરીરનાં પ્રભામંડળમાં (અન્તરીક્ષે) અનંતરૂપે (ધાઃ) પ્રવાહિત થાય (પયો) મારા માટે (મહ્યં) બધી જ દિશાઓથી (પ્રદિશઃ) તે દિવ્યપ્રકાશ રેલાતો આવે (પયસ્વતી).

**(૮) દેવસ્ય ત્વા સવિતુઃ પ્રસવેશ્વિનો બાહુભ્યાં પૂષ્ણો હસ્તાભ્યામ્।**
**સરસ્વત્યૈ વાચો યન્તુર્યન્ત્રેણાગ્નેઃ સામ્રાજ્યેનાભિષિંચામિ॥ યજુ ૧૮/૩૭**

હે સાધક, હવે તારામાં (ત્વા) પરમ-ચેતનાનાં (દેવસ્ય) દિવ્યપ્રકાશનો (સવિતુઃ) આવિર્ભાવ કરું છું (પ્રસવે.) બન્ને બાહુમાં (બાહુભ્યાં) અશ્વિનીકુમારની નિરામય કરતી દિવ્ય-શક્તિનો આવિર્ભાવ કરું છું (અશ્વિનૌ) પુષન્‌ની પોષણ આપતી દિવ્ય-શક્તિને તારા હાથમાં આવિર્ભાવ કરું છું (પૂષ્ણો હસ્તાભ્યામ્). સરસ્વતીની દિવ્ય-શક્તિનો વાણીમાં આવિર્ભાવ કરું છું (સરસ્વત્યૈ વાચો). શરીરમાંની આંતર રચનામાં (યન્ત્રેણા) અગ્નિની (અગ્ને) દિવ્ય-શક્તિ આવી વસો (યન્તુ). આ બધાની સમગ્ર અમર્યાદ અને અબાધિત શક્તિનો (સામ્રાજ્યેન) તારા ઉપર અભિષેક કરું છું.

**(૯) ઋતાષાડૃતધામ ગ્નિર્ગન્ધર્વસ્ત સ્યૌષધિયોપ્સરસો મુદો નામ।**
**સ ન ઈદં ક્ષત્રં પાતુ તસ્મૈ સ્વાહા વાટ્તાભ્યઃ સ્વાહા॥ યજુ ૧૮/૩૮**

પરમ-ચેતનાના દિવ્ય-સંકલ્પથી (ઋતાષાં) સક્રિય બની (ઋતધામ્) તે દિવ્ય-પ્રકાશ સ્વરૂપ અગ્નિ (અગ્નિ) ભૌતિક સ્તર સુધી પ્રકટ થાઓ (ગન્ધર્વઃ) (ગંધં અર્વતિઈતિ અર્થાત્ જે ગંધ ધારણ કરનાર પૃથ્વી તત્ત્વ સુધી લઈ જાય છે તે) તે ઉગતો દિવ્ય-પ્રકાશ (ઔષ+ધિયોઃ) તેના સંવાદમય આંદોલનો દ્વારા (અપ્સરસો) (અપ્સુ સરતિ ઈતિ - જે પાણીની જેમ લહેરો સ્વરૂપે પ્રવાહિત થાય છે

તે. (મર્મી કવિઓ આને જ 'સુરતા' કહે છે) દિવ્યાનંદને પ્રકટ કરો.

તે દિવ્ય-પ્રકાશ (સ) અમારામાંના (ન) દિવ્યજ્ઞાન (બ્રહ્મ) તથા દિવ્યકર્મની (ક્ષત્રં)ની રક્ષા કરો (પાતુ). તે દિવ્ય-પ્રકાશમાં (તસ્મૈ) હું એકરૂપ થઈ જાઉં (સ્વાહા) તેમજ તે દિવ્યપ્રકાશનાં ગંધર્વ, અપ્સરા, અગ્નિ જેવાં દિવ્ય-સ્વરૂપો સાથે પણ (તાભ્યઃ) એકરૂપ થઈ જાઉં.

**(૧૧)સુષુમ્ણઃ સૂર્ય રશ્મિશ્ચંદ્રમા । ગંધર્વસ્તસ્યનક્ષત્રાણ્યપ્સરસોભેકુરયો નામ।**

સ ન ઈદં બ્રહ્મક્ષત્રં પાતુ તસ્મૈ સ્વાહા વાટ્ તાભ્યૈ સ્વાહા।। યજુ ૧૮/૪૦

સૂર્યકિરણો એ જ દિવ્ય-પ્રકાશનું અવતરણ કરાવનારી સુષુમ્ણા નાડી છે (સુષુમ્ણઃ સૂર્યરશ્મિઃ) સૌમ્ય પ્રકાશમય મન (ચંદ્રમા) જ દિવ્યપ્રકાશને પાર્થિવ-શરીર સુધી લઈ જનારું વાહક છે (ગન્ધર્વઃ) (તે જ ઈડા છે). તે પ્રકાશમય મનમાં આવિર્ભાવ પામતી અવિનાશી દિવ્ય-પ્રેરણાઓ જ નક્ષત્ર છે (ન+ક્ષત્ર = અવિનાશી). તે દિવ્ય-પ્રેરણાના આંદોલનો એ જ અપ્સરાઓ છે. ગન્ધર્વ અને અપ્સરા આ બન્ને (ગન્ધર્વસ્તસ્યનક્ષત્રાણ્યપ્સરસોભેકુરયો નામ) પિંગલા છે.

તે દિવ્યપ્રકાશ (સ) અમારામાંના (ન) આ (ઈદં) દિવ્યજ્ઞાન (બ્રહ્મ) તથા દિવ્ય-કર્મ (ક્ષત્રં)ની રક્ષા કરે (પાતું). તે દિવ્ય-પ્રકાશમાં (તસ્મૈ) હું એકરૂપ થાઉં છું (સ્વાહા) તેમજ (વાટ) તે દિવ્ય-પ્રકાશનાં ગંધર્વ, અપ્સરા અગ્નિ જેવા દિવ્ય-સ્વરૂપો સાથે પણ (તાભ્યઃ) એકરૂપ થાઉં છું.

સિંધવાઃ (સ્વર્ગીય મહાનદીઓ)

આ સૂર્યો રશ્મિભિરાતતાન્ યાભ્ય ઈન્દ્રો અરદદ્ગાતુમુર્વિમ્।

તે સિન્ધવો વરિવો ધાતના નો યૂયં પાત સ્વસ્તિભિઃ સદા નઃ।। (ઋગ્ - ૭-૪૭-૪)

જેને (યા) સૂર્યનારાયણે (સૂર્યો) પોતાના પ્રકાશ કિરણોથી (રશ્મિભિઃ) પૃથ્વી સુધી લંબાવેલ છે (આતતાન્) જેમાંથી પ્રકાશમય મને (ઈન્દ્રો) ઘનીભૂત પૃથ્વી સુધીનો (ઉર્વિમ્) માર્ગ (ગાત) કંડારેલ છે (અરદદ) તેવી પ્રકાશમય દિવ્ય સ્વર્ગીય મહાનદીઓ (તે સિંધવો) તમે (યૂયમ) અમને (નો) શ્રેષ્ઠ પ્રકારની (વરિવો) ધારણા શક્તિ વડે (ધાતના) સદા (સદા) અમારું (નઃ) કલ્યાણ કરીને (સ્વસ્તિભિઃ) રક્ષણ કરો (પાત).

(ધ્યાનાવસ્થામાં સાધકનો મસ્તક ઉપર સૂક્ષ્મલોકમાં પ્રકાશ સ્તંભ રચાય છે, જેની દ્વારા આપણું દિવ્યમન અર્થાત્ ભક્તિપૂર્ણ હૃદય આપણું દિવ્યપ્રકાશમય

ભાવમય-શરીર રચતું હોય છે. આ જ ઘટના શ્રીસૂક્તમાં પણ 'યષ્ટી' તરીકે વર્ણવેલ છે (આર્દ્રાં યઃકરણીં યષ્ટિં...)

આવા જ્યોતિર્મય સ્તંભ અને તેને લીધે સાધકના શરીર ફરતે રચાતું પ્રભાવલયને જ વેદો સિંધવાઃ સ્વર્ગીય મહાનદીઓ કહે છે. ભગવાન શિવનું થાળું આ ઘટનાનું પ્રતીક છે. જ્યારે શિવલિંગ દિવ્ય-દેહની - જ્યોતિર્લિંગની રચનાનું પ્રતીક છે.)

આવું પ્રભામંડળ રચ્યા પછી તેમાં શું કાર્ય થાય છે તે ઋગ્વેદ આ પહેલાંના મંત્રમાં જણાવે છે, જે નીચે મુજબ છેઃ

**શતપવિત્રાઃ સ્વધયા મદન્તીર્દેવી દેવાનામપિ યન્તિ પંથાઃ।**

**તા ઈન્દ્રસ્ય ન મિનંતિ વ્રતાનિ સિંધુભ્યો હવ્યં ધૃતવજ્જુહોત ॥** (ઋગ્ - ૭.૪૭-૩)

અનેક રીતે પવિત્ર બનેલાં (શત-પવિત્રાઃ) શરીરનાં કોષો તે સિન્ધુઓનો દિવ્ય-પ્રવાહ પોતે ધારણ કરવાથી (સ્વધયા) આનંદમગ્ન થઈ જાય છે (મદન્તી) અનેક દિવ્ય વૈશ્વિક-શક્તિઓ સ્વરૂપ દેવ-દેવીઓનો પણ (દેવી દેવાનામપિ) તે માર્ગ બની જાય છે. (યન્તિ પાથઃ) તે વિશ્વશક્તિઓ પ્રકાશમય મનના કાર્યને (ઈન્દ્રસ્ય વ્રતાનિ) મર્યાદિત અને કુંઠિત કરતાં નથી (ન મિનન્તી) પરંતુ તે સ્વર્ગીય નદીઓ મારફત (સિંધુભ્યો) દિવ્ય-દેહ નિર્માણ કરનારાં તત્ત્વોને (હવ્યં) જાણે હવનમાં ઘીની આહુતિ અપાય તેમ હોમે છે (હવ્યં ધૃતવત્ જુહોત)

આ આનંદના પ્રવાહનો આપણો દિવ્ય-આત્મા અર્થાત્ ચૈત્યપુરુષ કેવી રીતે ઉપયોગ કરે છે તેનું વર્ણન આ મંત્ર પહેલાના મન્ત્રમાં આવે છે. તે મન્ત્ર નીચે મુજબનો છેઃ

**તમૂર્મિમાપો મધુમત્તમં વો પાં નપાદ્રવત્વાશુહેમા।**

**યસ્મિન્નિંદ્રો વસુભિર્માદદ્રતે તમશ્યામ દેવાયાન્તો વો અદ્ય ॥** ઋગ - ૭-૪૭-૨)

તે (તં) આનંદ - ઊર્મિરૂપી સ્વર્ગીય નદીઓનો દિવ્ય-જળ-પ્રવાહ (ઊર્મિમાપો) મધુરતમ હોય છે (મધુમત્તમં) તે દિવ્ય-જળોને પેલો જાણે પગવગરનો (નપાદવત) અર્થાત્ સ્થિર દિવ્ય-આત્મા (ચૈત્યપુરુષ) આત્મસાત્ કરી લે છે (આશુહેમા) અર્થાત્ પોતાના પ્રકાશમાં ભેળવી દે છે. આ પ્રકાશમાં જ (યસ્મિન્) સાધકનું પ્રકાશમય-મન (ઈન્દ્રો) શરીરના કોષો સાથે (વસુભિઃ) (જે કોષોમાં દિવ્યપ્રકાશ આવીને વસે છે તેને વસુ કહેવાય છે), આનંદમગ્ન બની

જાય છે. કારણ તેઓ તેને (તમ) પી જાય છે (અશ્યામ) અને તેથી હવે (અદ્ય) આ રીતે આપણે બધા જ સાધકો (વો) દેવયાન પંથના પ્રવાસી બની જઈએ છીએ (દેવાયાન્તો)

**હિરણ્યગર્ભ સૂક્ત**


**હિરણ્યગર્ભઃ સમવર્તતાગ્રે**
**ભૂતસ્ય જાતઃ પતિરેક આસીત્**
**રાદાધાર પૃથિવીં દ્યામુતેમાં**
**કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥૧॥ (હિરણ્યગર્ભ સૂક્ત)**

મસ્તકના ઉપરના છે કે (અગ્રે) સુવર્ણમય-પ્રકાશ સ્વરૂપ (હિરણ્યગર્ભ) દિવ્યતેજ સમગ્ર વિશ્વમાં ઓતપ્રોત થઈ પથરાએલું અનુભવાય છે (સમવર્તતાગ્રે) તે જ બધા પ્રાણીમાત્રનો રચયિતા છે (ભૂતસ્ય જાતઃ). તેનું જ એકલાનું શાસન આપણા બધા ઉપર ચાલે છે (પતિરેક આસીત્). તેણે જ આપણું આ પાર્થિવ-શરીર (ઈમાંપૃથિવીં) તેમજ (ઉત) તેનું પ્રભા મંડળ (દ્યામ) ધારણ કરી રાખેલાં છે (રાદાધાર) આ પ્રથમ-દેવને (કસ્મૈ) ('ક' મૂળાક્ષરોનો પ્રથમ વર્ણ છે તેમ) અમે તેમનો જ પેલો સુવર્ણમય દિવ્ય પ્રકાશ ભૌતિક શરીરમાં સ્થાપિ અમે આરાધના કરીએ છીએ (હવિષા વિધેમ)

(આપ જોશો કે શ્રી માતાજીએ દર્શાવેલી કોષોની સાધના પદ્ધતિનું જ જાણે અહીં વર્ણન કરેલ છે. આ દર્શાવે છે કે કોષોની સાધના કરવાની પદ્ધતિ વેદકાળમાં પ્રચલિત હતી પણ કાળના પ્રવાહમાં લુપ્ત થઈ ગએલી, જે શ્રી માતાજીએ પોતે પોતાની અનુભૂતિઓ દ્વારા નવેસરથી ફરી શોધી કાઢી છે. શ્રી માતાજી ઋગવેદનાં જાણકાર હતા. એનો આ પ્રત્યક્ષ નક્કર પુરાવો છે.

વેદ કાલબાહ્ય નથી. પણ વેદોની આત્મવિદ્યાથી આપણે ખંડિત પરંપરાને કારણે વંચિત છીએ. તેના ગૂઢાર્થ સમજવાની યોગ્યતા આપણે ગુમાવી બેઠાં છીએ. વાસ્તવિકતા સમજીએ. ભગવાન શ્રીકૃષ્ણની જેમ ફરી આ દિવ્ય - પરંપરાને નવા આજના સમયને અનુરૂપ ઘાટ આપી સ્વીકારીએ. શ્રીકૃષ્ણે પણ કર્મયોગની (યોગનિષ્ઠાની) પરંપરા કાળના ઉદરમાં નષ્ટ થએલી છે તેને પોતે ફરી જગાવીને પોતાની રીતે જણાવી રહ્યાં છે. એમ જ કહ્યું છે (સ કાલેનેહ મહતા પુરા નષ્ટં પરંતપ - ગીતા)

શ્રી અરવિંદને ભગવાન શ્રીકૃષ્ણ આ જ વસ્તુ અલિપૂર જેલમાં અધ્યયન દ્વારા સમજાવી રહ્યાં હતાં. અને પોંડીચેરીમાં સ્વયં લેખન દ્વારા પણ. - તંત્રી)



**શ્રી અરવિંદ**

શાશ્વત અવતારાય, શ્રી અરવિંદાય નમોસ્તુતે ।
દિવ્યસૃષ્ટિ રચનાર્થં ત્વયા દત્તં સ્વજીવનમ્ ।

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. REGD. No.GRJ-303



તારો સંસ્પર્શ શોધું છું પળે પળ પદે પદે,
તારું સાંનિધ્ય આરાધું અ-સાંનિધ્ય તણા વને,

ઊડતી ઊડતી આવે, ઊડતી ઊડતી પળે,
અમને નિત્ય ખોળામાં ધારતી કરુણા તવ,

હજો એ નિત્યની સાથી, હજો એ નિત્યનું બલ,
હજો એ પ્રેરણા પૂર્ણ, ઉદ્ધારક કરો તવ.

સુંદરમ્
૨૫.૧૧.૮૨

DATE OF POSTING : 1st OF EVERY MONTH